જામનગરવાળા હરદાસ ભટ્ટ અમૃતલાલ કૃત

શ્રી બહુચર માતાની

પ્રસાદી પહેલી.

લેખક તથા પ્રકાશક

કવી ગૌરીશંકર આશારામ ધોળકાવાળા

(અમદાવાદ.)

સંવત ૧૯૭૨ — સન ૧૯૧૬

આવૃત્તિ ૧ લી — પ્રત ૧૦૦૦

કીંમત ૦-૨-૦

શ્રી રામકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં શા મગનલાલ હરીવલ્લભદાસે

છાપ્યું ઠે. કાળુપુર-ટંકશાળની પોળ-અમદાવાદ.

પ્રથમાનું પ્રથમ.

પ્રેરણા પરમેશ્વરીની છે, બહુમુખે બોલાતું બહુચર બાળીનું બિરદાત્મક નામ બહાલ કરવાનો હેતુ છે ભગવતી ભક્તોના ઉત્સવ-ભર્યા ઉર ભંડારમાં ભયહારિણીનું ભયહરણ ભવ્ય સ્વરૂપ ભરવાનો ભગીરથ યત્ન છે. હૃદયે રહેની, રજનાચર રોળનારીના રક્ષણાથી રક્ષાનુરક્ત, અને રટણાનુરાગીના રંજનાર્થે આલેખાયેલી લઘુ, ણ દયાળીની દયા મેળવવામાં દીર્ઘ 'આખ્યાયિકા' પહેલી પ્રસાદ પે પ્રસિદ્ધ કરાય છે–જેનો રદીયો 'રાસમાળા'માં રચાયો, રખાયો, રો પાયો છે. વ્યય વિશેષ વિત્ત વસુલ થતાં વિશેષ વિભાગો વિશ્વ-વ્યાપ્તાની વધારે વિશ્વ વિખ્યાતિ વધારવા વિતરણે વાંછના છે. માટે અ બાન્યન્ય અડગ આશ્રિતોને અવિલંબે અનુમોદનાર્થે આગળ આવવા ઇચ્છીએ એ અનુપયોગી કે અસ્થાને, તો નથીજ. લેખદોષ લેખકનોજ લેખવા લક્ષ્યે લેવું લાયક ગણાશે. મુક્તાના બોલી બહુચર બાળા બચ્ચાને બહોળી બક્ષીસે બેશ બળવાન બનાવે.

જી. એ. કવી.
મીરઝાપુર–મામુનાયકની પોળ સામે
ઘર નં. ૧૭૦૮, અમદાવાદ.

શ્રી આદ્યશક્તયે નમ

શ્રી બહુચર માતાની પ્રસાદી.

છપ્પો.

જય જય બહુચર બાળી, સકળ બ્રહ્માંડ નિવાસા,
જય જય બહુચર બાળી, જગત જન પૂરણ આશા
જય જય બહુચર બાળી, ઇચ્છિત વૈ   દાતા,
જય જય બહુચર બાળી, ગાઉં ગુણ વિશ્વ વિખ્યાતા
જય જય બહુચર બાળી કહો, જગતિજ્યોત હયાળી છે
'અમૃત આ કળીકાળમા, સાચી બહુચર બાળી છે

ચુવાળ પ્રાતમા બિરાજતી બિરદાળી દેવી બહુચર બાળીના નામથી ભાગ્યેજ કોઇ અજાણ્યુ હશે એ માતાની ઉત્પત્તિ વિષે જુદા જુદા માણસોને મુખેથી જુદી જુદી વાતો સાભળવામા આવે છે. તેમાંની બધા કરતા વિશેષ માનવા જેવી વાત હાલ અમારા જાણુવામા આવી છે તે અમે તે મહામાયાના શ્રદ્ધાળુ ભક્તોની સમક્ષ રજુ કરીએ છીએ મા બહુચરબાળી સર્વનુ કલ્યાણ કરો

આશરે બસો-ત્રણસો વર્ષ ઉપર એટલે ૧૭ મી સદીના અંતિમ ભાગમા આજો (અરજણ) અને ભેખો (ભારખી) નામના બે કોળી લુટારાઓએ ચુવાળમા ચોગરદમ ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી દીધી હતી પૈસાદાર મનુષ્યોને ભયભીત થઇ, જ્યા ત્યા સતાઇ રહેવુ પડતુ કોઇ પણ માણસ પોતાના ઘરમા ઘરેણા લુગડા તો રાખી શકતું નહિં પણ એક દીવસ ચાલે તેના કરતા વિશેષ દાણા પણ રાખતું નહોતું સ્ત્રી કે પુરૂષો કોઇ સુખે બેસી શકતા નહોના કેટલાક તો

બીચારા જમતા જમતા પણ સહજ કોઇના પગનો ધબકારો સંભળાય, તો "આજો મેખો આવ્યા" એમ માની ડરી, બુમ પાડી નાશી જતા. આજુ બાજુ દરેક ગામડાઓમા કોઇ પણ માણસ સુખે સુઇ શકતું નહોતુ ખેતરમા તૈયાર થએલ કણસલાઓ ધણી વગરના સુના જોઇ, પશુ પક્ષીઓ ખાઇ જતા હતા બ્હારવટીઆની બીકે જલઘટપર પાચ સાત બાયડીઓ એકઠી થઇનેજ પાણી ભરવા જતી ગામડાના ચોરામા અને વ્યાપારીની દુકાને "આજ ફલાણાનું નાક કાપ્યુ અને કાલે ફલાણાનુ ઘર લુટી ગયા હતા" એવીજ વાતો સંભળાતી ગામનુ રક્ષણ કરવા જે ચોકીઆતો રહેતા હતા તે પણ દીવસ રાત્રિ થરથરતા હતા ટુંકામા ગામમા કે ખેતરમા "જાજો મેખો" આવ્યાની ખબર સંભળાતી કે સૌ જયા ત્યા સતાઇ જતા એવો એ ક્રુર બ્હારવટીઆ કાળો કેર મચાવી રહ્યા હતા

શલખનપુરમા પૂર્વના મહાન્ પુણ્યશાળી એક પવિત્ર ચારણને ત્યા ત્રણ બાળકીયો જનમી હતી જેમા મ્હોટીનુ નામ બહુચર, તેથી નાની બુત, અને તેથી ન્હાની બલાલ નામે હતી ચારણની જાત બ્રાહ્મણ અને ભાટની પેઠે રજપૂત, કાઠ્ઠરડા, અને કોળીઓમા પૂજનીય મનાય છે ખરા બ્હારવટીઆઓ ગમે તેવા ક્રૂર હોય, બધાને ત્રાસ દેખાડતા હોય, સરકાર દરબારથી પણ બ્હીતા ન હોય અને હથીઆરો, કે તોપોનો પણ મનમા ભય ન ધરાવતા હોય, તથા વટે માર્ગુઓને ઇચ્છા પ્રમાણે લૂટતા હોય, તો પણ તેઓ કોઇ વખત બ્રહ્મણ ભાટ, ચારણને તથા સાધુઓને લુટતા નથી એમ ઘણા જુના વખતથી સિદ્ધ થયુ છે તેથી આવા કટાકટીના પ્રસંગમાં જયા કોઇ માણસ એક ગામથી બીજે ગામ જવા હિમ્મત ધરી શકતું

નહાતું તે પ્રસંગે આ ત્રણે બ્હેનો બહુચરા-બુત અને બલાલ પોતાની માસીને મળવા પાસેના ગામડામા જવા સ્હવારના પહેલા પહોરે શંખલપુરમાથી બહાર નીકળી તે ત્રણેના હૃદયમા દૃઢ ભરોસો હતો કે 'બ્હારવટીયાઓ અમોને લૂટશે નહિ એટલે ભય વગરની થઈ, ત્રણે બ્હેનો સાથે સાથે ચાલી જતી હતી તેમની સાથે તેમને ઘેર હમેશ કામ કરનારો એક છોકરો તલવાર લઈને ચાલ્યો આવતો હતો ત્રણે બ્હેનો સરળ હૃદયની, પવિત્ર અને પૂજ્ય ભાવ ઉત્પન્ન કરે તેવા દેખાવની હતી જે જે માણસો તેમને જ્યારે જ્યારે જોતા, ત્યારે ત્યારે તેમના મનમા ત્રણેને માટે પાર્વતિ, સાવિત્રી, અને લક્ષ્મી જેવો ભાસ થતો સ્હવારનો બાળક સૂર્ય મદ મદ તાપે તપી તે ત્રણેના કુમળા શરીર પર પરસેવો આણી દેતો હતો પણ જંગલનો છુટો વાયુ તે સૂર્યના કાર્યને અટકાવતો હતો સાથે ચાલ્યો આવતો છોકરો રસ્તામાં આવતા સુદર વન પુષ્પોને તોડી ભક્તાની પેઠે એ ત્રણે દેવીયોને અર્પણ કર્યે જતો હતો ગામથી ચાલી થોડે દૂર આવ્યા એટલે એક સુદર વડના ઝાડ તળે એ ચારે જણા જરા વાર વિશ્રાન્તિ લેવા બેઠા પાસેના ન્હાના તળાવમાથી છોકરો એક પાણીનુ વાસણ ભરી લાવ્યો અને તે બહુચરબાને હાથે આપ્યુ બહુચરબાએ પીધુ પણ બુત કે બલાલને તરસ નહિ લાગેલી હોવાથી તેમણે પાણી લીધુ કે પીધુ નહિ થોડીવાર અહીતહીની વાતો કરી, ત્રણે બ્હેનો ઉઠતી હતી ત્યા સાથેના ચપળ છોકરાની દ્રષ્ટી આઘેથી ચાલ્યા આવતા બ્હારવટીઆના મડળ ઉપર પડી બિચારો બાળક બ્હી ગયો ઓચીતો કારમી ચીસ પાડીને બોલ્યો—"બહુચરબા, બહુચરબા, જુઓ સ્હામેથી બ્હારવટીઆ આવે છે હવે કેમ કરીશુ ?" ત્રણે બ્હેનોએ પોતાની ચપળ આંખોએ છોકરે બ-

તાવેલી દિશા ભણી જોવા માડયુ તો એમને પણ દેખાયુ કે એક મ્હોટુ લશ્કર ચાલ્યુ આવે છે જોતા જોતામા તો તે છેક પાસે આવતુ દેખાયુ બ્હારવટીઆઓએ બદુકો ખાધે લીધી હતી કેટલાકના હાથમા તીરકામઠા હતા કેટલાક બરછી, અને ભાલોડાને ફેરવતા આવતા હતા ત્રણે બ્હેનોને વડ નીચે ઉભેલી જોઇ તે લુટારાઓનુ લશ્કર " હો, હા " કરી " પકડો પકડો "ની બુમ પાડવા લાગ્યુ બિહામણા રાક્ષસ જેવા શરીરવાળા તે સઘળા લુટારા લડવૈયા જેવા રાતા માતા શરીરવાળા હતા કોઇ કોઇ દાઢીના ભારે વાળના ગુચ્છાથી ભારે ભયકર લાગતા હતા અને કેટલાકે તો માત્ર બે આખોજ દેખાય એવી રીતે આખે મોએ ખોકાની બાધી હતી કેટલાકને માથે નાના નાના ફેટાઓ તો કેટલાકે મોટી ગાડાના પૈડા જેવી પાઘડીઓ પહેરી હતી સઘળા કમર કશી, પહેરેલા લુગડાની બાંહ્યો ચડાવી, લડવાને માટે તૈયાર હોય તેવા દેખાતા હતા વડના થડ પાસે પહોચતા તે ત્રણે બ્હેનોને પકડવા ત્રીસ કરતા વધારે માણસો એકદમ દોડયા પણ તે લુટારૂના સરદાર બાજા બેખાની નજર પહેલા ત્રણ મ્હેનો પૈકીની મ્હોટી બ્હેન બહુચરાપર પડી બહુચરાબાનુ શરીર ગોર રૂપાના જેવુ હતુ તેમને માથે શેષ નાગ જેવો શોભિતો ચોટલો ચમકતો હતો આખો લાબી માછલા જેવી, કાળી કીકીથી ચમક ચમક થતી તેમની સુદરતામા વધારો કરતી હતી નમણુ નાક અને કમળ ફુલને શરમાવે એવા મુખનો રગ, આ વાઘ જેવા બ્હારવટીઆને બકરી જેવો બનાવી રહ્યો હતો, લૂટવાને ઇરાદે પાસે આવેલા લૂટારૂ સરદારોએ ધનની લૂટ કરતા તનની લુટ કરવાનુ વધારે વહાલુ ગણ્યુ. આખમાથી ક્રોધની લાલાશ ઉડી ગઇ, અને તેને ઠેકાણે પ્રેમનો ભાવ ઉગવા માંડયો હથિઆરો

ચલાવનારા વિનાહથિઆરેજ મરેલા દેખાયા જગતને ત્રાસ આપ-
નારા રાક્ષસો આ ત્રણે દેવીઓના સેવક થતા સ્હમજાયા છેક નજી-
કમા આવ્યા લશ્કર પાછળ રાખી બન્ને સરદાર આગળ થયા. સામે
બહુચરાબાએ પણ પોતાની બન્ને બ્હેનો ને છોકરાને પાછળ રાખી
આવતાને આદર આપવા સ્હામુ ચાલવા માડયુ પરમ પૂજનીયપવિત્ર
ચારણ પુત્રીની આંખ સામે આખ મેળવતાં આ બન્ને દુષ્ટો–હૃદયથી
નિરાશ થતા દેખાયા બે ભાન બની ગએલા બન્ને પુતળાઓ જેમના
તેમ ઉભા રહ્યા પણ બોલી કે ચાલી શક્યા નહિ જેમ મધ્યા-
ન્હના તપતા સૂર્યની સ્હામે જોઇ શકાતું નથી તેમ આ કુમારી બા-
ળાના મુખ ઉપર ચમકતુ તેજ બન્ને ચોરો સહન કરી શકયા નહિ
દયાળી બાળી પાસે જઇને પૂછવા લાગ્યા—" શરવીર સરદાર અમ
આશ્રિતના અન્નદાતા ! અમ પુત્રિઓના પિતા ! અમારા બીકણ હૃદયો
તમને જોઇને ડરે છે તમ પરાક્રમી પૂરૂષો અમારે પિતા સમાન છે
એટલે પુત્રિઓ પિતાથી બીએ નહિ, પણ તમારા નામથી આખુ જગત
ત્રાસે છે તેથી અમો પણ ત્રાસીએ છીએ સીહ તો વનનો રાજા ગણાય
છે પણ તમે તો ગામ અને જગલ બન્નેના સ્વતત્ર રાજા છો સૂરજ
આકાશમા પ્રકાશે છે અને તમારી કીર્તિ તો ચારેગમ પ્રકાશે છે. વીરા !
અમે ચારણની બાલિકાઓ છીએ તમારા માગણ અને પૂજનીક છીએ.
હું તમને મ્હારા માર્ગને છોડી દેવા વિનતી કરૂ છુ આ મ્હારી
નાની બ્હેનોના થર થરતા શરીર જોઇ તમારે દયા કરવી જોઇએ
બીતાને વધારે બીવરાવવા એ શૂરવીરનુ લક્ષણ નથી કૃપા કરી અમને
જવાદો, અને કહેવુ હોય તો કહી દો " તે બન્ને લુટારાના સરદારો
આ બહાદુર ચારણ બાળાની વાણી સાંભળી પાણીથી પણ પાતળા
થઇ ગયા. દરેક લડવૈયાઓ આ કુમારી બાળની હિમત ભરી મધુરી

વાણીથી છક થઈ ગયા ફરેક નિર્દય હતા ગમે તેના ગળા ઉપર તલવાર ચલાવનાર હતા બાલક બૈરીઓ કે અનાથના ઉપર કેર કરતા તેમનુ મન જરાએ રહેમ ખાતું નહોતુ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવામા પ્રભુથી પણ ડરતા નહોતા કેટલાક નિરપરાધીઓના ગળા ઉપર તેમણે છુરીઓ ચલાવી હતી અને ' સારૂ " તે મ્હારૂ ગણી લેતા હતા તે બધા આ બહુચરબાના બહાદુરી ભર્યા વાકયોથી પ-ત્થરનાં પુતળા જેવા થઇ રહ્યા હાલવુ ચાલવુ તો રહ્યુ પણ આંખનું મટકુ સરખુ એ મારો શકયા નહિ કેટલાકને તો આ ત્રણે બાળાઓ સાક્ષાત દેવી જેવી દેખાતી હતી કેટલાક તેમણે પહેરેલા દાગીના-ઓને બારીકીથી ધારી ધારીને જોતા હતા કેટલાક તેમની ખીલતી જુવાની જોઇને શરીરપર મોહી ગયા હતા આજો બોલ્યો "અરે ! વાહરે વાહ દીપતી દેવી ! ભગવાને જેવુ ત્હારૂ રૂપ ઘડયુ છે તેવી તને જીભ પણ આપી લાગેછેને શુ ? દુનિયામાં "સારૂ" કોને "પ્યારૂ" ન લાગે ? ત્હારા જેવુ રતન અમારે હાથે ચડયુ તો અમે વેળા કા જવા દઇએ ? અમે જગતમા વખણાઇએ છીએ એ તારૂ કહેવુ સાચુ છે અમારા આ બહાદુર બધુઓ પોતાના મજબુત અને જયવંત હાથે પૃથ્વીના આ છેડાથી તે છેડા સુધી અમારી હાક વગ-ડાવી રહ્યા છે અમારા આ હાથે પણ અનેકના ગળા કપાયા છે નાક, કાન છેદાયાં છે વળી કોઇ કોઇને તો આ ભાલોડે ભારી ગજ-બની સાથે ભોય ભેળા કર્યાં છે એ સ્વાદ તમને તો ચખાડવો નહિ પડે ને ?"

મેઓ—"સાચુ છે, સાભળ્યુ કેની ? પ્રથમ તો તમે ત્રણે ત-મારા પહેરેલા ઘરેણા કાઢી નાખો અને પછી અમો બધામાથી તમને ગમે તેને ધણી બનાવી લ્યો " આ પાપી વાકય સાભળતાં

બુત અને બલાસે પોતાના કાનમા આગળીયો ઘાલી અને પેલા ન્હાના છોકરાએ પોતાની કમરે લટકતી તલવારને મ્યાનમાથી બહાર કાઢવા દોરી છોડવા માડી છોકરાની બન્ને આખ લાલ લાલ .થઇ આવી હતી તેમાં આ બ્હેનો તરફની લાગણીનુ પાણી ભરાઇ આવ્યુ હતું આખા શરીરના રૂવે રૂવા ઉભાં થઇ ગયા હતા હોઠ અને ગળાની ચામડી થરથરતી હતી અતિશય ક્રોધમા આવી દાતને પીસતો વ-ચમા આવ્યો અને બોલ્યો—"અરે! અભિમા નામસ્ત થયેલાઓ! કાઇક વિચારો, એક કુમારી બાળાને આવા વેણ સભળાવતાં કાઇક વિચારો, પૂજવા યોગ્ય ચારણની પુત્રીને મતાપિ દુ ખી કરતાં વિચારો વસમુ વર્તન કરતા વીરતા વધારે ઉદ્ધરશે નહિ આગળ થઇ ગએલા અનેક બ્હારવટીઆઓ અને શરવીરો, આવા તમારા જેવો જુલમ ગુજારતા નહોતા કુમાર બાળાઓને સતાપતા નહોતા તેથીજ તેમનુ નામ નવે ખડમા ગાજતું રહેતું બળીયા સાથે બાથ ભીડવી એ બળીયાનુ લક્ષણ છે પણ આવી અનાથ સરખી બાલિકાઓ પર જુલમ કરવો એ મરદાઇ નથી આ ગાય જેવી ગરીબ ને પવિત્ર બાળાઓ નિરાધાર જેવી તમારા મોઢા સામે જોઇ રહી છે તેને રસ્તો આપો, જવાદો નહિ તો એમના અતરમાથી એક શ્રાપ નીકળશે તો હમે બધા અ-ત્યારે અહીને અહીજ વગર અગ્નિએ બળીને ખાખ થઇ જશો મ્હને લાગે છે કે આ ભેખાની બુદ્ધિ તો એકદમ ફરીજ ગઇ છે નહિતો આ દીકરી જેવીને ધણી કરવાનું કહેજ નહિ આ હમારા ધર્મ ભગિનીઓની સ્હામે બોલતાં હમને શરમ આવતી નથી? પગે લાગવા જેવીના ઉપર પગ મૂકતા હમે પ્રભુથી બ્હીતા નથી? આ કીડી પર કટક લઇ જતા કાઇક સમજો સ્હમજો આમ અનીતિ કરવાથી તમારૂ બ્હારવટુ ટકશે નહિં, હમારી ધોળી કીર્તિ અત્યારે

જગતમાં વખણાય છે ત્હેને આવા કાળા કામ કરીને કાળી કરી નાખો ના પાપકર્મમા પ્રીતિ રાખવાથી ત્હમે ચડયા છો તે જરૂર પડશોજ-પડશે " બોલતા છોકરાને ટકાવીને આજો એકદમ વચમા બોલી ઉઠયો " હવે રાખ, રાખ, ત્હારૂ ડહાપણુ ! મ્હારૂ બેટ્ટ અળશીયુ શુ શેષનાગને શીખવવા આવે છે ? આ બૈરીઓ જેવી વાતો બાઇ-ડીઓને સભળાવજે આ સીહ સરખા આજો મેખો શુ ત્હારાજેવા એક બબુચક શિયાળના કહેવાથી ડરી જશે ? એ ચારણની દીકરી હો ! કે કોઇ ઢેડની હો ! અમારે તેનું કામ નથી અમને તો જે ગમ્યુ તે અમે અમારૂ કરવાના ત્હારી નજરે નજર ત્હને દેખાડીશ કે અમારામા કેટલુ બળ છે ? આ મ્હારા મેખા ભાઇએ એને ધણી કરવાનું કહ્યુ તો મ્હારી પણ એ પ્રતિજ્ઞા છે કે આ બધા દેખતા એ બોલકણી બૈરીને એજ મેખાભાઇ સાથે પરણાવીશ " " હા, હા, હા, હા " કરી તાળીયો પાડી, બધા લડવૈયા પોકારી ઉઠયા જગલમા તેના પડઘા પડયા છોકરો અને ભુત, બલાલ કપી ગયા બહુચરમાને રૂવે રૂવે ક્રોપ વ્યાપ્યો અને બોલી ઉઠયા-" બસ, હદ આવી ગઇ ધરતીનો છેડો આવ્યા ગયો, તમે કોળીઓના શીરતાજ અને સરદાર ! તેની અમારા તરફ આવી લાગણી ! ત્હમારા બાપ દાદાઓ જેને પૂજતા, તે ચારણની હું બેટી ! ત્હેના ઉપર ત્હમારી આવી ખરાબ નજર ! ગ્હને લાગે છે કે હવે ત્હમારૂ મૃત્યુ નજીકમા જ છે જેનું મરણ પાસે આવે ત્હેની બુદ્ધિ બગડેછે ત્હમારા વચન સાભળી, મ્હારૂ શરીર કપી ઉઠે છે એ પાપી ! નીચ ! હત્યારા ! લુટારાઓ ! શુ ત્હમે ગરીબોના ઉપર કેર કરી ફાવી ગયા છો ત્હેનું ત્હમને અભિમાન ચડયુ છે ? નીચ અને મૂર્ખ કુતરાઓ ! માતા ઉપર દીકરાઓ બુરી નજર કરવા ઇચ્છે છે ? બ્હેનને ભાઇ બૈરી

બનાવવા ઇચ્છે છે ? અહાહા ! ગજબ ગજબ ! કાળો કેર ! ” કહેતાં કહેતા બહુચરબાનુ આખુ શરીર ધ્રુજવા લાગ્યુ ત્હેમની આખોમાંથી ક્રોધનાં આસુઓ ટપકવા લાગ્યાં તેમણે પોતાના થરથતા બન્ને હાથ ઉંચા કરી પોતાની પ્રતાપી ઝેર ભરી નજર લડવૈયાના ટોળા ઉપર ફેંકી અને ફરીથી બોલ્યા—“ ઓ બાયલાઓ ! દુષ્ટ અને નીચ વૃત્તિ વાળા કુક્કરો ! ત્હમારા ઉપર બ્રહ્માડ કા તુટી પડતુ નથી ? પૃથ્વી ફાટી જઇ ત્હમને કા સમાવી દેતી નથી ? એક ચારણુ બાળકીની સ્હામે ખરાબ દાનતથી જોનાર આ ભૂમિપર ભાર કરનારા રાક્ષસો ! ત્હમે કોની સ્હામે બાગ્યા છો તે પ્રથમ જોઇ લ્યો મ્હને બરાબર ઓળખી લ્યો ત્હમારૂ પત્થર જેવુ હૃદય અમારા થરથરતા શરીર જોઇ થરથરતુ નથી ? અમે દીનવાણીથી કાલાવાલા કરીએ છીએ ને ઉપર રહેમ આવતી નથી ? તો આ નાગણીને છછેડવાનુ પરિણામ જોઇ લ્યો સૂતેલી સિંહણને જગાડવામા જે લાભની આશા રાખતા હો તે લઇ લ્યો ઓ નીચ અને નાદાનો ! અમને એકલી ના સમજશો અમ ચારણુ કન્યાની મદદમા બાવન વીર અને ચોસઠ દેવીઓ રાત દીવસ હાજર રહે છે એ પોતાના ત્રિશળ તમારી છાતીમા ભોંકી, તમારૂ ધડધડતુ લોહી પોતાના ખપ્પરમા ભરીને પીશે અને તે બ-ળવાન બાવનવીરો ત્હમો બાયલાઓની ચોટીઓ પકડીને કુતરાને મ્હોતે મારશે આવો, ઘરેણા લેવા હોય તે આવો, આ ત્હમારી માતાના અંગને અડકવુ હોય તે આવો, આ બ્હેનને બાથમા લેવી હોય તે આવો ” આમ કહેતા કહેતા તેમનુ મુખ ફરીને લાલ લાલ થઇ ઉઠયુ એમની આખોમાથી અગ્નિની જવાળા જેવુ ભારે તેજ ભભકવા માડ્યું આખુ અંગ ધ્રુજવાથી માથા પરની ઓઢણી સરી જઇ જમીનપર પડી ગઇ. તેનું ભાન પણ ત્હેમને નહોતુ ત્હેમની આંખ

આ બ્હારવટીઆના સૈન્ય ઉપરજ ઠરી રહી હતી એક મટકું પણ મારતા નહોતાં, અ ગનો ધ્રુજારો હજી બ ધ પડયો નહોતો, માથાનો અંબોડો શરીરના ધ્રુજાગ સાથે નરમ પડી જવાથી વાળ વીખરાઇને ત્હેમના કમળ સમાન અ ગ ઉપર પથરાઇ ગયા હતા પહેરેલો લાલ ચણીયો અને લીલી કાચળીથી ત્હેમની મૂર્તિ અલૌકિક ઓળખાતી હતી. કેટલીક વાળોની લટો ખભા પરથી કાંચળી અને પેટ ઉપર થઇ ચણીઆ પર પડીને નાચતી હતી બન્ને હાથ બે સાથળથી છેટા અને આંગળા ખુલ્લા થએલાં ધ્રુજતા હતા આ પવિત્ર ચારણ બાળાના દર્શન કરવાને માટે આકાશમાથી દેવ ઉતરતા હોય તેમ આકાશમા સહજ આધિ દેખાવા માડી લુ ટારાઓમા પણ જે સરળ હૃદયના હતા તેઓ હા । જોડી બહુચ-માને નમન કરવા લાગ્યા કેટલાક મુખે અને કેટલાક હૃદયમા "આજ મેખાનું આજે આવી બન્યુ છે." એમ બોલવા લાગ્યા આ વખતનો તે બહુચરબાનો દેખાવ કોઇ કોઇ ભાવિક ભકતોના સ્વપ્નામા દેખાય છે તે લાલ ચણીયો અને લીલી કાચળી વાળીકે, જેણે માથાના વાળ ખુલ્લા મૂકયા છે જેનુ આખુ શરીર ધ્રુજે છે, જેની આખ દુર્જનો પર લાલ થઇ રહી છે, જેનુ કોમળ ઉજ્વળ અ ગ ક્રોધને લીધે તપાવેલા કચન જેવુ થઇ ગયુ છે તેવા એ મ માયાનુ ધ્યાન ધરવાથી આપણા કરોડો વિઘ્નો કપાઇ જાય છે એ બહુચરીનુ અહાવુ સ્વરૂપ જેણે સમર્યું ત્હેને ધન્ય છે ભકતજનો રોજ રોજ દરેક વખતે બીરદાળી બાળીના અહાવા સ્વરૂપનુ ચિતવન કરી ભવસાગરને તરી જાય છે પણ દુર્જનો અને દુષ્ટ લોકો અહાવા પ્રતાપ કે સ્વરૂપને સહમજતા નથી એ લુટારાનો સરદાર મેખો તો ઉઘાડે અ ગે ઉભા રહેલાં દેવીને જોઇ, ઉલટો વિશેષ મોહાધ બન્યો અને હાથની આંગળી

લાંબી કરી દૂર ઉભે ઉભે તેમના શરીરનુ વર્ણન કરવા લાગ્યો તે બોલ્યો કે— " આહાહા ! અમારા શાં ધન ભાગ્ય ! માટીનો ઘડો તપ્યા પછી પણ ટકોરો મારતા રણુકારો કરે છે કોયલ ખીજાઇને બોલે તોય મીઠુ લાગે છે અને સુખડ કે અગરબતી બળે તોય સારી ગધ આપે છે, તેમ ઓ રૂપરૂપની દેવી, ત્હારા અમે ગુલામ થઇ ગયા છીએ તું જેના ઘરમા જશે તે પુરૂષ ભાગ્યશાળી થશે ત્હને આવી કકાસ કરનારી જાણી અમારા આ લશ્કરમાથી કોઇ ત્હને પરણવા રાજી હોય એમ લાગતું નથી કારણ કે આ બહાદુર વીરો ! "કહેવા કરતા કરી બતાવવુ" વધારે પસદ કરનારા છે એ ત્હારા ટકટકને સહન કરે તેમ નથી એમને તો ગુસ્સો આવ્યો કે તરતજ એક ઘાને બે કકડા કરી નાખવાના માટે તું આ અમારા બેમાથી એકને પસદ કરી લે ત્હારી અણીયાળી આખને વાંકી કમર ઉપર અમે મરી મરી જઇએ છીએ ત્હારા કાળા વાળને અણિયાળા નાક ઉપર અમે વારી જઇએ છીએ ત્હારૂં ગોળ મોઢુ, અને મ્હોટા સ્તનો " આમ બોલવા જતા બેખાને ગુસ્સે થએલા બહુચરે "રાખ" કહીને અટકા યો અને ક્રોધમા આવી બોલ્યા—"કેમ નફટ ! ત્હારો લખારો બધ થતો નથી ! ધૂળને લાતે મારીએ તેમ તેમ ઉડીને ઉચે ચઢતી જા ! છ ? પાપી ! લે, ." આમ કહેતા એકદમ પાસે ઉભેલા પોતાની સાથે આવેલા છોકરાના હાથમાંથી તલવાર ખેચી લીધી મ્યાનની દોરી તો પ્રથમથીજ છુટેલી હતી એટલે તલવારને બહાર નીકળતા વાર લાગી નહિ આજે, બેખો અને બધા લુટારૂઓ પોતાના હથિયાર સભાળવા, કે કોઇ પણ બોલવા ચાલવાની હિમ્મત ધરી શકયા નહિ એ બધાનું તેજ હરાઇ ગયુ હોય એમ બધા નિસ્તેજ દેખાતા હતા. લોહી ઉડી ગયું

હોય તેમ પુતળા જેવા થઇ રહ્યા હતા મેખાનું હ્રદય ભયથી ધડ
કવા લાગ્યુ. આજાને પણ એવીજ અકળામણુ થવા લાગી પણ
તેટલીવારમાં તો બહુચરબાએ ખુલ્લી તરવાર હસ્તમા લેઇ વીજળીની
માફક આમ તેમ ફેરવી, અને બીજે હાથે કાચળી સમેત પોતાના
સ્તનને પકડી એ તીક્ષ્ણ તલવારથી એકેએક કરી બન્ને કાપી નાખ્યા
અને એ કપાયલા બન્ને સ્તનો આજા મેખા ભણી ફેંક્યા, તેવાજ
તે બન્ને નીચ સરદારો મૂર્ચ્છા ખાઇ પૃથ્વી ઉપર પડી ગયા અને
બીજા બધા લુટારાઓ પણ આંખે તમ્મર આવતાં હોય કે માથુ
ભમતુ હોય તેમ ઘુમી ઘુમીને પૃથ્વી પર પડયા બુત અને બલાલ
આ મ્હોટી બ્હેનનુ બહાદુરી ભર્યું અણધાર્યું કામ જોઇ, રોષમા
આવી ગયા આટલી વાર જે તેમનુ હ્રદય બ્હીતુ હતું તે આ કૃત્ય
જોઇને બ્હીક વગરનુ થયુ તેમના શરીરમાં પણ નસે નસમા રોષ
વ્યાપી ગયો બુતમાએ ડાબો હાથ સાથળ ઉપર રાખ્યો અને જમણો
હાથ પોતાના માથાપર મૂકયો સાથળ પાસે ડાબા હાથની હથેળી,
અને માથા પર જમણા હાથની હથેળી ચાદીના પતરા જેવી ચમ
કતી હતી ત્હેમનુ સર્વ શરીર પણ ધ્રુજી ઉઠયુ હતુ ત્હેમની જમણી
આખ મ્હોટી બ્હેન બહુચરબાના તરફ જોઇ રહી હતી તેમાથી
બ્હેનને વખાણવા રૂપ દયા મિશ્રિત પાણી વહેતુ હતું અને બીજી
ડાબી આખ આ લુટારૂઓના ભૂમિ પર પડેલા ટોળા ઉપર ક્રોધથી
વરસી રહી હતી તેમણે પણ લીલો ચણીયો પહેર્યો હતો માથાપર
લાલ ઓઢણી ઓઢી હતી ચુદડીથી ત્હેમનુ આખુ શરીર ઢકાયેલુ
હોવાથી કાચળીનો રગ કળાતો નહોતો ભારે કોપમા એ પણ ધ્રુજ
તા હતા મ્હોટી બ્હેન બહુચરની કપાએલી છાતીમાથી વહેતુ રૂધિર
કમકમાટી ઉપજાવે એવો દેખાવ દેખાડી રહ્યુ હતુ બુતબાને તે

ચાલતું લોહી જોઇ વધારે ઝેર ચડયુ શરીર કંપતુ હતું તે વધારે કંપવા માંડયુ ધ્રુજતા મસ્તકને આમ તેમ આંચકા લાગવાથી ત્હેના વાળ પણ આમ તેમ વીખરાઈ ગયા હતા અને ત્હેમનું ગોરૂ શરીર જુસ્સાથી લાલ બની જઇ તપાવેલા રૂપાના પતરા જેવુ લાગતું હતું. હાથને સાથળ સાથે પછાડતા મુખમાથી બ-બ-બ કરતા અસ્પષ્ટ વાણી બોલી રહ્યા હતા બીજો હાથ વારે વારે કપાળે અને માથે અફાળતા હતા તેમની આંખની નીચે અને હોઠની ઉપર પરસેવાના બિંદુઓ મોતીની માળા જેવા દેખાતા હતા ખભાને આમ તેમ સંકોચતા હતા વધી ગએલા ધ્રુજારાથી પગ એક જગ્યાએ જ મીન ઉપર ટકતો નહોતો, તો પણ લથડતાં લથડતાં પડતાં પડતા બહુચરબાએ પોતાના સ્તન કાપી, ફેંકી દીધેલી તલવાર પાસે ગયા અને ઝડપથી બ્હેનના લોહીથી રંગાયલી તે તલવારને હાથમા લીધી ન્હાની બ્હેન બલાલ અને સગી છોકરો માત્ર બોલ્યા ચાલ્યા વગર જોઇજ રહ્યા હતા બુતબાએ હાથમા લીધેલી તલવાર આમ તેમ ફેરવી ચમકાવી, પ્રથમ પોતાને કપાળે ઘસી, એટલે બ્હેનનુ રૂધિર કપાળે લાગી, કુમકુમની કરેલી અર્ચા જેવુ શોભવા લાગ્યુ. આ વખતે આજો, મેખો અને કોઇ કોઇ લુટારૂઓ થોડા થોડા ભાનમા આવ્યા હતા તેથી બેઠા થઇ બુતના હાથમાની તલવાર અને બુતબાને નીરખવા લાગ્યા તેઓમા હજુ પણ ઉભા થવાની શક્તિ આવી નહોતી એકી ટસે જોઇ રહેલા તે બ્હારવટીઆઓ બુતબાને મુખેથી કંઇક શબ્દો સાંભળવા લાગ્યા-મરવા તૈયાર થએલા વચલા બ્હેન બુતબા ક્રોધે ભર્યાં આવુ બોલતા હતા—" આ નીચ આજા અને મેખાએ મ્હારી બ્હેનનુ અકાળ મૃત્યુ કર્યું છે માટે એમનુ પણ અકાળ મૃત્યુ થશે. એમના સગીઓ જેઓ હૃદયથી પણ આ

કામમા ખુશી હશે તેઓ પણ એજ દશાને પ્રાપ્ત થશે આજ સુધી આ બ્હાશ્વટીયા કે જેઓ "ઠાકોર, ગીરાસીઆઓ, જાગીરદાર કે ન્હાના રાજાઓને નામે ઓળખાતા," તેમના વંશજ હવે પછી "ચોર અને લુટારા" નામથી જગતમા ઓળખાશે જે હથિઆરોને હાથમા ધારી જેઓએ ગુમાન કર્યુ છે તેઓના વંશજોને હથિયાર જોવાનો કે ઉપાડવાનો પણ વખત આવશે નહિ અને હથિયારો હશે તો પણ તેમનામા ઉપાડવાની શક્તિ રહેશે નહિ એમના દીકરા દીકરીઓ મજુરી કે નિંદીત ગુલામગીરી કરીને પોતાના પેટ ભરશે એમની નાતિ જાતિ તથા સગા સંબંધીઓમા પરસ્પર વરને કુસપ જાગશે અને તેઓ ઢેડ ચમાર કરતા પણ હલકી સ્થિતિવાળા થઇ રહેશે તેઓ તદન ગરીબ અને દરિદ્રી હાલતમા પોતાનો અવતાર પશુની પેઠે પૂર્ણ કરશે પગલે પગલે રોગ અને દુખ તેમના પર વરસતુ રહેશે એમના દરેકની ચામડીનો રંગ કાળો અને કદ્રૂપો થશે દુનિયામા તેઓ એનચની વિશ્વાસઘાતક, નીચ, હલકા, જુટા અને પાપી, નામથી ઓળખાશે રાજ દરબાર કે શેર શાહુકારોને ત્યા તેઓ હલકા કામ કરનારા થશે, એમની સ્ત્રી, પુત્રી અને માતાઓ ભુત, પિચાશ, વૈતાળ ડાકિની શાકિનીના ભોગ થઇ રાત દિવસ દુખમા રીબાતા રહેશે જીવ આપી દેવા સુધીની ભારે મહેનત કરતા પણ તેમને પેટપુર ખાવાનુય મળશે નહિ" એમ કહેતા કહેતા હાથમા લીધેલી તલવાર તરત પોતાના ગળા ઉપર મારી, કે તરતજ માથુ ધડથી વેગળુ પડયુ અને તલવાર પણ બીજી બાજુએ જઇ પડી લુટારાઓમા કેટલાકતો આ દેખાવ જોઇ થરથરી ઉઠયા અને "અરરર ગજબ થયો, કાળો કેર થયો" એમ બોલતા હાહાકાર કરવા લાગ્યા આજતે તેઓ સપૂર્ણ શુદ્ધિમા આવ્યા હતા.

તે ઉભા થયા અને ઉપરના બુતખાના શ્રાપ વાકય સાભળી હસવા લાગ્યા આજો મેખાને કહેવા લાગ્યો "સાભળ્યુ ? દહીનુ ગોરસુ શીકામા હોય અને બિલાડી કુદીને પહોચી ન શકતી હોય એટલે હેઠે ઉભી ઉભી ચરાપ દે જાણે કે શીકુ તુટી પડે તો હુ ગોરસાનુ બધુ દહી ખાઇ જાઉ તેમ આ પણ મરતા મરતા ડોલવાતા દીવાની પેઠે જરા જરા ઠીક ચમકી દીવો હોલાવાનો હોય ત્યારે થોડીવાર ચમક ચમક થાય છે"

મેખો—"ખરૂ છે આજા, હાથે હાથે મરી જાય છે એટલે આપણે માગી મટી પણ એના ઘરેણા તો ગણી ગણીને બધાય લઇ લેવા મડદા તો કાગડા કુતરા સભાળી લેશે" ન્હાની બ્હેન બલાલને આ સાભળતા ઝેર ચઢ્યુ બ્હારવટીઆની આવી ખરાબ દાનતથી તેમને બહુ લાગી આવ્યુ બ્હેનો મરી ગઇ છતાં આ હલકા વિચારવાળા બહારવટીઆઓ તેમના ઘરેણા લઇ લેવાનો ઇરાદો રાખે છે આવી નીચ વૃત્તિવાળાનુ કલ્યાણ કેમ થાય ? પણ પોતે ઉમ્મરમા ન્હાના હતા તેમ હિમ્મત પણ ઝાઝી ચલાવી શકે તેવા નહોતા હવે એમનુ શરીર ઝરાવેલાથી મુજી ઉઠ્યુ એટલે તરત ધુરણીએ પડી, છેલ્લા શ્વાસ ભરતા બહુચરભણી મુખ કરી બોલી ઉઠ્યા—'ધન્ય છે મા બહુચર ! ચારણના કુળને દીપાવનારી દેવી ! ધન્ય છે ત્હને ! તુ કલક વગરની કુમારી સઘળાને પૂજા કરવા લાયક થઇ ત્હે સતીઓનુ નામ રાખ્યુ નીચ માણસના અડયા પહેલાજ ત્હે ત્હારૂ પોતાનુ અગ અળગુ કર્યું તુ હમેશને માટે પવિત્રજ રહી સાચા કામની કરનારી સાચાની બેલી, તું સાચી, અને ત્હારો રગ પણ સાચો, ત્હારો આ સાચો પ્રતાપ જગતમા ઘેર ઘેર ગવાશે, તુ સાચીને જે સાચા હશે તેજ જાણશે, કલ્યાણી ! વીરબાળા ! અમારી

આંખોના તારા જેવી તું હમેશા ભકતોની પ્રતિપાલના કરજે, આ માનવ શરીર છોડી દિવ્ય શરીરને ધારણ કરજે, તું ચોસઠ દેવીમાની એક દેવી થઇ જગતના જીવોનો ઉદ્ધાર કરજે, અઘોરી પાપીઓનો નાશ કરજે, વ્હાલાઓને હૃદયે વાસ કરજે, દુષ્ટોને હૃદયે ત્રાસ ભરજે, મ્હોટી બ્હેન ! તું મ્હોટી રહી અમારી આગળ ચાલતી તે છેવટ સુધી આગળ ચાલી સકટ સમયે અડગ ધીરજ ધારી ત્હે ચારણની નાતિનુ નાક રાખ્યુ આપણા પૂજ્ય માતા પિતાનુ પાણી રાખ્યુ કન્યા છતા પુત્રથી ન થઇ શકે તેવુ કામ કરી દેખાડયું પોતે પોતાને હાથે પિડને ત્યજ્યુ પણ બીજાને માટેએ રસ્તો મોકળો કરી આપ્યો આજથી અબળાને સતાપતા દુષ્ટો ડરશે ચારણની બાળાઓ આજથી સદાને માટે નિર્ભય બની માનતા નહોતા તેને મનાવવા ત્હે આ સાહસ કરી, મ્હોટુ કામ કર્યું હવે તું જેની પક્ષે રહેશે તેના શત્રુઓ જખ મારી રહેશે. ત્હારી મનમાનીતિ મદદથી ભકતોની ભારે ભીડ ભાગી જશે. ત્હારૂ નામ સ્મરણ કરતા લોઢાના કિલ્લા તુટી જશે ત્હારા શરીરમાથી વહેતા લોહીની પેઠે તુ દુર્જનોના લોહીને વહેવડાવજે શરણે આવેલાને સાચવજે હદ રાખનારનુ રક્ષણ કરજે. પગે લાગનારને પાળજે ત્હારૂ પૂજન સેવન કરનારની મનની ઇચ્છાઓ પૂરી કરજે ઓ મા બહુચર, મા બહુચરા, બ્હેન બહુચર બાળી બહુચર—બા બહુચર ! બુતને ખરેખરૂ શર ચઢયુ " હા, હા " ના પડધા પાડતાં જગલને ગજાવી રહ્યાં આખા શરીરમાથી ધુમાડા નીકળતા હોય, તેમ શરીર ઝણઝણી ઉઠયુ પાસે ઉભેલો પેલો છોકરો આ બધો દેખાવ જોતો મુગો મુગો ધ્રૂજતો હતો. તે આ બલાલ બ્હેનના હોકારાથી વધારે જવા લાગ્યો ત્હેના પણ આખા શરીરમા શર જામી ગયુ

બલાલ પોતાના બે હાથ ઉંચા કરી, કંપતા શરીરે બોલવા લાગ્યા—
" ધન્ય છે, ધન્ય છે મા બહુચર ! ધન્ય છે ! બ્હેન બુતબા !"
એટલું બોલતાંજ બુતબાના શરીર પર તેમની દૃષ્ટિ પડી બુતબાનું
કપાએલું છુટું પડેલું માથું આ દૃશ્ય જોઇને હસતું હોય તેમ બલા
લને દેખાવા લાગ્યું માથા વગરના ધડમાંથી લોહીના ફુવારા ઉડતા
હતા હજીએ બુતબાનું શરીર ધ્રૂજતું બંધ પડયું નહોતું તેમનાં પ
હેરેલાં કપડાં લોહીથી તરબોળ થઇ ગયા હતા એક તરફ છાતીમાંથી
ધગધગ વહેતા લોહી વાળું બહુચરબાનું શરીર, અને બીજી બાજુ
કપાએલ કંઠમાંથી ઝરણાં સરખી લોહીની વહેતી ધારા વાળું બુ
તબાનું શરીર જોતાં શૂરવીરના પણ ચક્કર વછુટી જાય, તેવો બિ
હામણો ભયંકર દેખાવ થઇ રહ્યો હતો બહુચરબા અને બુતબાના
બોલથી બ્હારવટીઆ બ્હીન્યા નહોતા એ બન્નેના શરીર નાશ થઇ
જતા પણ તે દુષ્ટોના હૃદયમાં ત્રાસ આવ્યો નહોતો ; અને ઉલટ
મજાક કરતા હસતા હતા તે આ ભોળા હૃદયની બાળ બાળકી
ન્હાની બલાલબાનું શૂર જોઇ સ્થંભી ગયા તેમનું પાપી હૃદય થડક
થડક થઈ ધડકી ઉઠયું અને " હવે શું થશે ? આ ન્હાની થરથરતી
છોકરી શું કરશે ?" એવા એવા ભયમય વિચારો એમના ભય પામત
હૃદયને વધારે ભયભીત બનાવી રહ્યા આંખો ને મેખો બરાબર તે
ન્હાની બાળા તરફ જોઇ રહ્યા હતા. બુતબાના શરીરને જોઇ બલા
લના શરીરમાં નવું જોર જાગ્યું હતું તેથી તે બોલવા લાગ્યા—"બ્હેન
બુત ! બહાદુરીનું કામ કરનારી, બ્હેન બહુચરની બહાદુર બ્હેન બુત
મ્હને મુંઝાએલીને માર્ગ દેખાડનારી મ્હોટી બ્હેન, બુત ! મ્હારા ધડ
કતા હૃદયને ધીરજ આપનારી ધરાદેવી ! મ્હારા મનની માનીતિ મૂર્તિ
બાપના કુળનો ઉદ્ધાર કરનારી સદ્‌ગુણી બેટી, ચારણનું નામ આ

દિશામાં ચમકાવનારી ચતુરા, મ્હોટી બ્હેનને પગલે ચાલનારી પવિત્ર પ્રેમઘેલી બુતબા ! હું ત્હારી પ્રાર્થના કરૂં છું હું ત્હને નમું છું. મા. મ્હારે હૃદયે વાસ કર મ્હને ઉજ્જડ અરણ્યે એકલી મુકી, આગળ જતાં અટક બ્હેન ! માતા ! બ્હેન ! જોગણી ! ત્હારૂં પ્રાક્રમ મ્હારા શરીરમાં મૂક ત્હારી વિશ્વ વિખ્યાત શક્તિ મ્હારા હાથમાં આપ ત્હારે રસ્તે ચાલવાને મ્હારી આંખોના પડદા અળગા કર અરરરરરરર, અધધધધધધધ, આ–આ–ઓ–ઓ–અને હું–હું હુંકાર કરી, ફરી ગાજ્યા ધરતી ધ્રૂજવા માંડી, દિશાઓ પૂરાઇ ગઇ પર્વતો ખળભળી ઉઠયા. સમુદ્રનું જળ ઉછાળા મારવા લાગ્યું દશે દિગપાળો દશે દિશામાં ભયથી અકળાઇ જવા લાગ્યા બારે ઉલ્કાપાત થતો હોય તેમ લુટારૂ સરદારને લુટારાઓ ચમકી ઉઠયા. હાફ્લા ફાફ્લા થઇ, ચારે દિશા ગમ જોવા લાગ્યા એખા અને આજાની આંખે અંધારા આવવા લાગ્યા. છાતીમા ડુમો ભરાયો કંઠ રૂંધાઇ ગયો તલવારોની ધારો ઘસાઇ ગએલી દેખાઇ તીરની દોરીઓ તુટી ગઇ ભાલોડા વાંકાં વળી ગયાં. અને બરછીઓ હાથમાથી ઉડી ઉડીને જમીન પર પડી જવા માંડી શ્રદ્ધાળુ અને આસ્તિક લુટારાઓએ બુલાલની આ ક્રારી ક્રોધમય છબી પોતાની આંખોમાં આળખી લીધી અને હૃદય મંદીરમાં ઉતારી દીધી એ લીલા પોપટીયા રંગના ચણીયા વાળી માથે લાલ ભુખરા રંગની ચુંદડી ઓઢેલી, અને પીળી કાંચળી વાળી પવિત્ર મૂર્તિ ગળામા પહેરેલા ઘરેણા અને છુટી ચુંદડી ઓઢીને ઉભેલી તે બાળ બુન માતા બન્ને ઉંચા થતા હાથમા ખડખડતી ચુડીઓથી ઘણી અલૌકિક દેખાતા હતા તેમની આંખમાં પ્રેમ અને ગુસ્સો ભળેલાં દેખાતા હતા તેમના ઉદાર હૃદયમાથી કે ન્હાના મ્હોમાથી આ લુંટારાઓ માટે એક પણ ધિક્કાર કે શ્રાપનું વાક્ય નીક

કર્યું નહિ. પણ તેને બદલે તેઓ તો જાણે પોતાની બન્ને બ્હેનોના પ્રેમમાજ લણાતા હોય તેવા દેખાતા હતા બુતબાનું બીજીવાર સ્મરણ કર્યું બહુચરબાને યાદ કર્યાં. અને એકદમ બેસીને નહિં.પણ ધીમાં ધીમા બેસતા હોય તેમ સહજ વાંકા વળી, નજીકમાજ પડેલી બલાલના લોહીથી રંગાયલી તલવારને હાથમા ઉઠાવી લીધી અને તરતજ તે તલવારને પોતાને કપાળે ઘસી, સાફ કરી બ્હેનના રૂધિરનો ચાલ્લો કર્યો બ્હારવટીઆનુ મંડળ ખરેખર કંપી ઉઠ્યુ તેમના પત્થર જેવાં હૃદયો પીગળી ગયા વજ્ર જેવા હૈયાં મીણ જેવા બની ગયા "ક્ષમા કરો, ક્ષમા કરો" આમ બોલતા બોલતા પાસે જઇ ચર્ણમા પડવા લાગ્યા. અને વારે વારે વદી રહ્યા કે—'બાઇ ક્ષમા કરો અમારા બુડતાના બેલી બાઇ ક્ષમા કરો, અમે ભૂલ્યા, અમે જખ મારી, તમે મયાળી માતા અમો બાળકોનુ રક્ષણ નહિ કરો તો કોણ કરશે મા ?" આમ કાઇ કંઇ કાલાવાલા કરી કરગરવા લાગ્યા પણ બલાલ કાંઇ બોલ્યા નહિ તેતો પોતાની બ્હેનોનાજ ધ્યાનમા હતા હાથમાની તલવાર ઉંચકી પોતાના શરીરનો નાશ કરવા ગયા ત્યાંતો બધાય "ક્ષમા કરો, ક્ષમો કરો, રક્ષો રક્ષો" આમ બૂમો પાડી અટકાવવાની ક્રિયા કરવા લાગ્યા પણ એ આત્મહત્યા કરતા ન્હાના બલાલના હાથને અડકવાની કોઇની હિમ્મત ચાલી નહિ. પાસે જતાં પણ એ પાપીઓ અત્યંત બ્હીતા હતા અગ્નિ પાસે જતા જેમ બળી જવાની ધાસ્તી રહે, તેમ બલાલ બ્હેનની પાસે જતા આ બધા પાપાત્માઓ બ્હીતા હતા તલવારને ઉલટી પકડી, અણી પોતાના પેટમાં લગાડી, બલાલબા છેલ્લા વાક્ય બોલ્યા "તમે દરેક જણા કે જેમણે મ્હારી મ્હોટી બ્હેન બહુચરબાનો અપરાધ કર્યો છે, તેનાજ શર્ણમાં જશો એટલે તેજ તમને તારશે. એ મ્હોટા મનવાળી તમારા અસંખ્ય અ-

પશપોને ક્ષમા કરશે એ મા પોતાના દીકરાના દોષને દૂર હાંકી કહાડશે અને ચારણુનંદિની દેવી, પોતાના પાલક અન્નદાતાઓને પાપ માથી ઉદ્ધારી પવિત્ર બનાવશે તે શરણે જનારના રક્ષક બની, શરણાગતોના સંકટ સમૂળા શોષી લેશે જાઓ–જાઓ, પણ યાદ રાખજો કે તમારા અપવિત્ર હાથ આ મરી ગએલા પવિત્ર શરીરોને બીલકુલ અડાડશો માં અશુદ્ધ અંગનો પડછાયો પડતાંય આ શુદ્ધ શબ જેવાં શરીરો ઉછળી ઉઠશે-જાઓ, જાઓ" એટલુ કહીને પેલા ધ્રૂજતા છોકરાની પાસે ગયા જમણે હાથે તલવારની અણી પેટમાં ચાંપી પકડી રહ્યા હતા અને ડાબો હાથ તે છોકરાને માથે મૂકી આશીર્વાદના વધામણાં આપવા માંડયા વીરા! પેઢી દર પેઢી જેમ હમણાં સેવા કરે છે તેમ બ્હેન બહુચરબાનો સેવક થઇને રહેજે આ મ્હોટી બ્હેનના શુભ કૃત્યની વધામણી ગ્રામજનોને આપજે હું આશીર્વાદ આપુ છુ કે તું જનમો જનમ માતા બહુચરાનો દાસ થશે જ્યાં બ્હેન બીરાજશે ત્યાં ત્હારો વાસ થશે, બધા સેવકો કરતા ત્હારા ઉપર માની દયા વધારેને વધારે થશે બંધુ! ભૂલજે મા બ્હેનોના પ્રેમને વિસરજે મા ભાઈ! ભલાઇ રાખજે વ્હાલા વીર! બોલ્યાચાલ્યાં માફ કરજે બંધુ! હવે મ્હોટી બ્હેનોને મળવા વિદાય થાઉં છુ" એટલું કહીને બલાલ જરા હસ્યા અને ફરી બોલ્યા—"જો, જો, જો, જો, અદ્ધર આકાશ માર્ગે તે બને ચાલી જાય છે હાથની ઇશારત કરી મ્હને બોલાવે છે હવે વાર કરતાં મ્હારે બ્હેનોથી છેટુ પડે છે "ભાઇ! આવજે હો! બાપાને કહી, બોલ્યા ચાલ્યા માફ કરાવજે અને માને ધીરજ દઇને કહેજે કે બ્હેનો ત્હમારી કુખને શોભાવી, માણસ મટી દેવયોનિમા ગઇ છે તમારા પવિત્ર પેટના વખાણ, સૂર્ય ચંદ્ર રહેશે ત્યાં સુધી જગતમા થર્યા કરશે પવિત્ર માતા પિતાની

પવિત્ર છોકરીઓ પવિત્ર ધામમા પવિત્ર નામ ધારીને રહેશે" આમ કહેતા ઓચિતાં "આવુ છુ, આવુ છુ,' કહી, તલવાર પેટમાં ભોકી દીધી અને તેમના શરીરમાથી પણ રૂધિર પ્રવાહ ચાલુ થયો છોકરો આ દેખાવ ન જોઇ શકવાથી આખો આડા હાથ દઇ પડી ગયો બ્હારવટીઆઓ નાસી ગયા એક પછી એક એમ એ ત્રણે દેહ ધીમી ધીમી થરથરતી બધ પડી પહેલે બહુચર, પછી બુત અને છેલ્લે બલાલનુ શરીર શાત થયુ ત્રણે મર્ણ પા- મેલા શરીર પાસે છોકરો બેસી રોતો હતો બહુચરના ગુણને સભાળી સભાળી, તે ભૂમિપર પછાડતો હતો બુતની બહાદુરીભરી હિમતને વખાણી વખાણી વિલાપ કરતો હતો અને ન્હાની બલાલના મ્હોટી રહમજણુ વાળા શિક્ષા વચનો સભારી સભારી શોચ કરતો હતો એનુ મન બેવડા દુખમા આવ્યુ હતુ ગામમા ખબર કરવા જાયતો આ ત્રણે મડદાની ખબર કોણ રાખે ? અને પોતે આ ખોળીયા પાસે બેસી રહે તો ગામમા ખબર કોણ આપે ' આમ બેવડી ઉપાધી હતી બ્હારવટીયાઓની બ્હીકથી કોઇ માણસ ગામ બહાર નીકળતા નહોતા એટલે આ ગજબ ભરેલા દેખાવના ખબર ગામ જનોને કે આ ત્રણેના માતા પિતાને મળવા મુશ્કેલ હતા, મધ્યાન્હ વીત્યા પછી દિવસના છેલ્લા પહોરે છોકરે ગામમા જવા હિમ્મત લીડી, બેઠો હતો ત્યાથી ઉભો થયો પોતાના પહેરેલા કપડા ઠીકઠાક કરી લીધા, અને આડી અવળી નજર કરી જોયુ તો કોઇ પશુ પક્ષી પણ દેખાતું નહોતુ એટલે તેણે વિચાર્યું કે આ પડેલી ત્રણે બ્હેનો- ની કાયાને કોઇ પશુ પક્ષી આવીને બગાડે તેમ નથી અને હું હમ- ણાંજ શાલખનપુરમા જઇને પાછો આવીશ. એમ નક્કી કરી એકદમ ચાલ્યો, દોડયો પણ થોડેક જઇને અટક્યો પોતાને પ્રાંણુ

વધારે વ્હાલો માનનાર ત્રણે બ્હેનોને છોડીને જવુ આ ન્હાના છોકરાને ઠીક લાગ્યુ નહિ એટલે પાછો આવી, પોતાને મૂળ ઠેકાણે બેસી ગયો વળી વિચાર આવ્યો કે "હુ ખબર આપવા નહિ જાઉં તો આ બ્હેનોની લાશની શી દશા થશે ? હુ નાહકનો ડરૂ છુ આટલી વાર વિચાર કરતો બેસી રહ્યો છુ તેને બદલે દોડયો ગયો હોતતો ક્યારનોય પાછો આવા ગયો હોત માટે જાઉં તો ખરો બુત બ્હેન કહેતા હતા કે–" આ પવિત્ર અગને કોઇ અપવિત્ર હાથ લગાડશે તો એ મરેલા શરીર પણ ઉછળી [illegible]શે તો મ્હને શો ભય ?" હવે જો જવામા જરાય વાર લગાડીશ તો હમણાજ સ્હાંજ પડી જશે. અને પછી અધારૂ થયે તો મ્હારાથી જરાય આઘુ પાછુ જવાશે નહિ " એમ મનની સાથે નક્કી કરી પાછો ઉઠયો અને પાચ સાતેક પગલા તો ઉત્સાહમા ને ઉત્સાહમા આગળ વધી ગયો વળી વિચાર આવ્યો એટલે પાછો વળ્યો, પોતાની મુળ જગ્યાએ ઉભો રહી ફરીને ત્રણે શરીરો ધ્યાન રાખી જોઇ લીધા અને પાછો ગામ ભણી ચાલ્યો, પહેલા કરતા પાચ ડગલા વધારે આગળ ચાલ્યો, વળી પાછો આવ્યો ફરી ત્રણે શરીરોને તપાસ્યા અને એકદમ હિમ્મત આણી, ગામ ભણી દોડયો, શ્વાસ ભરાયો એટલે જરા અટક્યો, વળી દોડયો, ફરી અટક્યો, અટક્યો તે અટકીજ રહયો ઉભો ઉભો વિચારવા લાગ્યો "અરેરે ! હું ગામમા જાઉં છુ તો ખરો પણ ત્યા જઇને હું શુ કહીશ ? મ્હને મારી નાખે તોય મ્હારાથી બ્હેનોની વાત તો કરી શકાય એમ નથી વળી બાપા, અને મા, મ્હને તરતજ ધિક્કારી કાઢશે ને કહેશે કે ત્રણે બ્હેનોના મડદા જગલમાં સુના મુકી, તું અહીં કેમ આવ્યો ? તો મ્હારે શો જવાબ દેવો ? હાય, હાય, હું તે હવે શુ કરૂ ? મ્હારે જીવતુ રહેવુજ જોઇતુ નહોતુ હું જીવુછુ ત્યારે મ્હારે

આ સંતાપ સમાચાર આપવાનો સમય આવ્યો ને ? હું ગામમા તો નહિજ જાઉં. મ્હારી બ્હેનોનાં શરીરને એકલા મુકી, અળગો તો નહિજ થાઉં." આમ નક્કી કરી પૂર જોસમા પાછો દોડયો ને પોતાના મુળ સ્થાનકે આવી ઉભો રહ્યો તથા ત્રણે શરીરોને ફરી ફરી નેત્ર ભરીને જોયાં. બહુચરબાના શરીરને પગે લાગ્યો બલાલને નમ્યો પણ બુતનો શરીરને હાથ જોડતા આખમાં પાણી આવી ગયાં ડગ ડસતુ હૃદય થડકયુ કંઠમાંથી હીબકા અને ડચકાં શરૂ થયા છોકરો રોઇ પડયો ફરીને રોયો બહુ રોયો રોયાજ કર્યો ધીમે ધીમે સૂર્યનારાયણ પણ અસ્ત થઇ ગયા સંધ્યાનો સોનેરી રંગ ત્રણે મરેલા શરીરમા કાંઇક નવો ચમત્કાર દેખાડવા લાગ્યો છોકરે તે દર્શનનો પણ લ્હાવ લીધો અંતે અંધારૂ થયુ તેની સાથે શિયાળવાઓની કારમી ચીસો સાં ભળતા છોકરો કંપવા લાગ્યો ભયંકર પ્રાણીઓની ભયંકર ગર્જનાઓ સમીપમાંથીજ સટકતા જતા મ્હોટા મણીધર સર્પોના સુસવાટા, ઘુવડોના ઘોર અવાજ, અને ચીબરીયોના ચિંતા કરાવનારા ચિંચીઆરી ભર્યા અવાજ, આ બ્હીનેલાને વધારે બ્હીવરાવવા લાગ્યા છોકરો જમીનપર બેસી બન્ને પગના ઢીંચણ ઉપર પોતાના બન્ને હાથ બાંધી અંદર માથુ ઉંધુ નાખી, બેસી રહ્યો કેટલાક વરૂ અને શિયાળના ટોળા આ મૃત દેહને ભક્ષણ કરવા સમીપમા આવ્યા

ભગવાન સૂર્યદેવ અસ્ત પામ્યા પછી જેમ જેમ વખત વધારે જતો ગયો તેમ તેમ અંધારૂ વધવા માંડયુ અંધારામા ઉડતા પતંગીઆ ચમક ચમક ચમકી આકાશમા ઝગ ઝગતા તારા જેવા દેખાતાં હતા જેમ જેમ વેળા વધતી જતી હતી, તેમ તેમ ભયંકર પ્રાણીઓની ગર્જના વધતી જતી હતી બેઠેલા છોકરાનું અંતઃકરણ

બ્હીકથી થરથરવા માંડયું એકતો કાંઇક વયમાં ન્હાનો એટલે બ્હીતો હતો બીજું રાત્રી અંધારી હતી તેથી પણ બ્હીક લાગતી હતી. ત્રીજું ત્રણે મરેલી દેહ આગળ બેસવું એ પણ બ્હીવરાવનારૂં કામ હતું અને ચોથું જંગલના પશુઓ તે વડ નીચે એકઠા થતા હતા. તેથી પણ તે છોકરો વધારે ભયભીત થતો હતો રાત્રીનો પહેલો પહોર પૂરો થયો ત્યારે કેટલાક વાઘ, કેટલાક ચીતરા, કેટલાક વરૂ (ન્હાર) અને કેટલાક શિયાળીઆઓનું ટોળું આ વડના ઝાડ આગળ એકઠું થયું અંધારામાં બેઠેલો છોકરો, કુત્કારા ઉપરથી વાઘને ઓળખતો છેક નજીકમાંથી નિડર બની ચાલ્યા જતા ચીતરાને જોઇ ચમકતો, નીચા નીચા થઇ, નજીકમાં આવતા ન્હારો, અને સુસવાડ કરતા, દોડતા, ડેકતા શિયાળોથી છોકરો એકદમ બ્હી ગયો ત્હેણે માન્યું કે "હવે આ જમીન ઉપર પડેલી ત્રણે દેહ મ્હારાથી બીલકુલ બચાવી શકાશે નહિ હું એટલો બધો મૂર્ખ થયો કે ગામમાં જઇને કોઇને ખબરે આપી નાહ અને અંતે આ દશા થઇ હમણાં કોઇ પણ જાનવર આ મ્હારી બહેનોના મરેલા અંગને અડકે અને હું આડો પડી અટકાવવા જાઉં તો કોણ જાણે આ વિકાળ પ્રાણીઓ મ્હને પણ ખાઇ જાય?" આવા આવા અનેક વિચારો કરતો કરતો તે ખરેખર ડરતો હતો તાવ આવ્યો હોય તેમ ત્હેનું આખું અંગ તપી ઉઠયું રાત્રિના શીતળ વખતમાં પણ ત્હેના શરીરે પસીનો થવા માંડયો માથામાં ચક્કર અને આંખે તમ્મર આવવા માંડયાં અંતે એ ચારણની બહાદુર બાળા બહુચરબાનું સ્મરણ શરૂ કર્યું તે કહેવા લાગ્યો કે—

(મનહર છંદ)

પુત્ર પેઠે રાખનારી, શોક કાઢી નાખનારી,
સભારી સભારી મ્હારી જાનને ત્હે પાળી છે,
દુ:ખ તણી ભાગી કારી જાળને નિહારી મ્હે ,
સંકટ સહારી પ્યારી થઇ મતવાળી છે,
નેહ ધારી ન્યારી પીડા પતાવીને પરબારી,
સારી કરી દયા દોષ દુખધાને ટાળી છે
'અમૃત' પ્રણુત પાળી, અધ દુ:ખ દેતી ટાળી,
"વડુ બીરદાળી માતા બહુચર બાળી છે."

(૨)

લાલ ધારી ણીયોને કાચળી લીલી સ્વીકારી,
ઓઢણી કેશરી બાળી ખુબી હદવાળી છે
પરસન થાનારી પોતાનાને ઉગારનારી,
બલિહારી જાઉં ઉરે ધારી તું દયાળી છે,
રસાળી, રૂપાળી, વિશ્વરૂપા મ્હે અનુપા બાળી,
લાગી ત્હારી તાળી 'મમાયા' તું મયાળી છે
'અમૃત' પ્રણુત પાળી, અધ દુ:ખ દેતી ટાળી,
"વડુ બીરદાળી માતા બહુચર બાળી છે."

(૩)

આપત્ત વેળા અકારી, ત્રાસ પામે નરનારી,
લુટારુની બીક ભારી, કાળ સમી કાળી છે
તેમા તું હિમ્મત ધારી, આવી વનમા કુમારી,
બન્ને બ્હેનો સંગ ધારી, ખોટી બ્હીક ખાળી છે,

વટેમારગુને મારી, લુંટનારા મદ ધારી,
જોઇ શક્તિ ત્હારી હારી ગયા બળ શાળી છે
'અમૃત' પ્રણત પાળી, અઘ દુ:ખ દેતી ટાળી,
"વંદુ બીરદાળી માતા બહુચર બાળી છે"

(૪)

પ્રથમજ ચાલનારી, પ્રથમ પધારી પછી,
બ્હેનો બન્ને એ સ્વીકારી, કૃતિ જયશાળી છે,
ત્રાસી નાસી ગયા વનવાસી, પાપ અભિલાષી,
ખાસી ક્રિયા ત્હારી, અધાગમા અજવાળી છે
ભવને ભુલાવનારી, યાદી ત્હારી ઊર મ્હારી,
રહે આઠે જામ પ્યારી, માતા મમતાળી છે,
'અમૃત' પ્રણત પાળી, અઘ દુ:ખ દેતી ટાળી,
"વંદુ બીરદાળી માતા બહુચર બાળી છે"

(૫)

ધણણ ધ્રુજાવે, બાણ ચણણ ચલાવે, સણણ,
સજી શસ્ત્ર હામ હૃદયે ઉછાળી છે,
બણણણ બુડયા, જોઇ ઝણણણ ઉડયા,
ખણણણ કર ચુડી રવ સુણી આંખ ઢાળી છે
અરરર કરી મારનારા ગયા મરી, વીણ મારે,
નાઠા ફરી ટેવ કેર તણી ટાળી છે
'અમૃત' પ્રણત પાળી, અઘ દુ:ખ દેતી ટાળી,
"વંદુ બીરદાળી માતા બહુચર બાળી છે"

(૬)

ડરૂ માતા વન માહી, કરૂં શું ? ન સુઝે કાંઇ,
પૂછી ન શકાયું આઇ, માની કરૂણાળી છે,
એકલો મુઝાઇ બેસું કયા સુધી હું ગભરાઇ ?
અકળાઇ ગયો આઇ થઇ રાત કાળી છે,
પરાથી ડરાઇ જાણુ હાલ જશે ખાઇ ખાઇ,
શકે ન વદાઇ ત્યારે ત્હેને, મ્હે સંભાળી છે
'અમૃત' પ્રણત પાળી, અઘ દુઃખ દેતી ટાળી,
"વદુ બીરદાળી માતા બહુચર બાળી છે"

(૭)

સેવક સંભાળે દીન, જનને તું પાળે, કર્યું
સ્તવન મ્હે બાળે મ્હને પ્રાણુથી તું વ્હાલી છે
આદરને આલે, આવી આપદાને ટાળે, મુજ
ઊર અજવાળે ટાળે જંજાળની જાળી
વગર વિલંબે વ્હાલ કરીને નિ બે, મ્હારી
અલબેલી અંબે હદે વશી રઢીયાળી છે
'અમૃત' પ્રણત પાળી, અઘ દુઃખ દેતી ટાળી,
"વદુ બીરદાળી, માતા બહુચર બાળી છે"

(૮)

ભૂલ્યાને બતાવ સારો, માર્ગ દયા લાવ આવ
મસ્તકે દબાવ કર ત્હારો જો કૃપાળી છે
ડુબતો બચાવ, આપી આધાર તરાવ, મ્હારૂં
ગોથાં ખાતું નાવ, ભાવવાળી ત્હને ભાળી છે,

કષ્ટ નષ્ટ કરનાર, ત્હારૂં મનહરાષ્ટક,
સ્પષ્ટ વદું સંકષ્ટને કાપનારી પાળી છે,
' અમૃત ' પ્રણત પાળી, અઘ દુઃખ દેતી ટાળી,
" વદું બીરદાળી માતા બહુચર બાળી છે "

આમ વિનતી કરતા કરતા ને તેના ગુણોને સંભારતા સંભારતા છોકરો રોઇ પડ્યો મરેલા માણસની વાસ આવવાથી કે કાંઇ બીજા કારણથી માંસ ખાનારા ભયંકર પ્રાણીઓના ટોળાએ છોકરાને ચારે બાજુથી ઘેરી લીધો હતો પૃથ્વીપર પડેલી તે પવિત્ર બાળાના પ્રતાપનો પ્રભાવ એવો હતો કે એ અસહમજ ક્રૂર જાનવરો પણ ત્હેમના ભંગ થએલા અંગ પાસે જઇ શકતા નહોતા તેમ છોકરાને પણ આ પ્રબળ શક્તિની છાયામાં બેઠેલો જોઇ, કાંઇ પણ ઇજા કરી શકતા નહોતા આ બધો બનાવ નીરખીને છોકરાનો ભય કંઇક ઓછો થયો જાનવરો દૂર ઉભાં છે પણ પાસે આવી શકતા નથી એમ જોઇ જાણીને ત્હેનું મન આનંદમાં આવી ગયું અને તેથી બહુચરમાની તે જે સ્તુતિ કરતો હતો તેમાં વધવા લાગ્યો " બહુચર બહુચર " કહેતા ' દીવાનો ' બની ગયો હોય તેમ આખું શરીર ધ્રુજાવતો, બન્ને હાથ જોડતો, ઘડીમાં હાથ માથાપર મૂકતો, અને કયારે કયારેક બન્ને હાથ જમીન પર અફાળતો એ દુઃખહારિણી દેવીનું એક ચિત્તે આરાધન કરી રહ્યો બરાબર મધ્ય રાત્રિ થઇ અંધારૂં ચોગરદમ ખુબ જામી ગયું હતું નજીકમાં ઉભેલા પશુઓ પણ બરાબર ઓળખી ન શકાય તેવું હતું તે વખતે અચિંત્યું બહુચરબાનું શરીર જે અત્યાર સુધી મરેલું મનાતું હતું તેમાંથી પ્રકાશિત તેજ પ્રકાશવા લા જોતજોતામાં સૂર્યકિરણ સમાન ત્હેમના

સુખાર્વી દનુ તેજ ચારે દિશામા છવાઇ ગયુ એકદમ અંધારામા થ એલો આ મ્હોટો પ્રકાશ તે જાનવરોને છોકરાની આખોને અંજાવી નાખતો હતો છોકરો જીભે નામ સ્મરણ કર્યે જતો હતો અને આખે તે તેજોમય કાન્તિવાળીનુ દર્શન લેતો હતો ધીમે ધીમે તેજ એટલુ બધુ પ્રકાશ્યુ કે ફરતુ પા પા ગાઊમા ત્હેનુ અજવાળુ પ્રસરી રહ્યુ હતુ આસ્તે આસ્તે ખીલતા કમળની પાખડી એક પછી એક ઉઘડવા માડે તેમ બહુચરાની આખની પાંપણો, ઊંચી થવા માડી જરા વારમા તો સપૂર્ણ આખ ઉઘાડી, બ્હેન બેઠા થઇ ગયા છોકરો લાબો થઇ ચરણુમા લેટી પડયો દિવ્યરૂપવાસિનીદેવીનો અશ આ બહુચરબાના શરીરમાથી પ્રગટ થયો હતો પ્રબળ પ્રતાપ ભરી નજર છોકરાના અગ ઉપર નાખી, અને ત્હેના માથા પર હાથ મૂકતાજ બલાલ બ્હેનના આપેલા વરદાન પ્રમાણે તે છોકરાનુ મનુષ્ય શરીર મટીને તરત તે કુકડો થઇ ગયો અને તરત તે માતાના તેજમા ન્હાતો, ત્હેના ચરણુ આગળ નાચવા લાગ્યો ફરી તે દયાળી દેવીએ પોતાની અમીમય દ્રષ્ટિ માથુ છેદાયલી બુતના મસ્તક ઉપર ફેકી તેવુજ માથુ ચૈતન્યવાળુ થયુ ને તેની આખો પણ ધીમે ધીમે ઉઘડવા માડી, અને "જય જય, ખમા, ખમા" બોલતુ તે માથુ કુદતુ કુદતુ બુતાના શરીર આગળ ગયુ જગજજન ઉદ્ધારિણી બહુચર માની સજીવન નજરે ને ધડ પણ સજીવન થયુ. અને શીર તથા ધડ મળી ગયા. હવે ત્રિલોકતારિણીની ત્રીજી દ્રષ્ટી બલાલ બ્હેન ઉપર પડી ત્હેના પેટમા તલવાર ભોકાયલીજ હતી. અને હાથ પણ તલવારની મુઠ માથે ચોટેલો હતો, તે દેહમા ચૈતન્યનો સચાર થતા બલાયે પોતાને હાથે પકડેલી તલવાર પોતાના પેટમાથી બહાર ખેચી લીધી અને તે વખતે તે તલવાર બીલકુલ લોહી વગરની સાફ હતી. પેટ ઉપર પણ

જરાય જખમનો ડાઘ દેખાતો નહોતો. પછી માની ચોથી નજર પાસેના તળાવ ઉપર પડી તેનું પાણી ત્હેમણે પહેલા પીધુ હતું તથા માની નજર પડતાજ તે પાણી પણ સજીવન થયું અને તે તળાવને કિનારે ઉગેલી કમલિનીઓના કમળ કે જે રાત્રે કરમાઇ ગયાં હતા, તે અત્યારે પૂર્ણ પ્રકાશથી રંગ બેરંગી રીતે ખીલી નીકળ્યા કમળના કોહેલા કે સુકાએલા પાદડા બીલકુલ દેખાતા નહોતા તળાવના કિનારામા લીલ, અને સેવાળ બાઝી રહેતી તે અત્યારે કેશર જેવી સુરંગી અને સુગંધિત બની ગઇ ન્હાના ન્હાના જળજંતુના બનાવેલાં છીપો જેવા ઘર, પરવાળાના રૂપમા પલટાઇ ગયા અંદર તરતા માછલાઓનો રંગ પણ કનકના જેવો પીળો અને ચળકતો થઇ ગયો મધ્ય રાત્રિના સુંદર પવનથી તે તળાવનું અમૃતમય પાણી હાલતુ ચાલતુ મોજા ઉછાળતુ, ફીણો ઉડવાથી દૂધના સમુદ્ર જેવુ દેખાવા લાગ્યુ પાણીના છાંટાઓ કિનારા ઉપર પડતા તે મોતીના જેવા ચમક ચમક થતા દેખાતા હતા તે તળાવને કાઠે રાત દિવસ વસતા બગલા અને જળ કુકડીઓ આદિ જળ જંતુઓ, હંસના રૂપમા ફેરવાઇ ગયા અને તે હૈયુ હરનારા હંસલા આ માન સરોવરને કાઠે ચમકતા મોતી ચણવા લાગ્યાં તળાવની પાળ સોના સરખી બની ગઇ, ને રેતી, રૂપાની રજ સમાન બની ગઇ પાળ ઉપર ઉગેલા પ્રત્યેક વૃક્ષો વસંત ઋતુમા વિકસે તેમ ખીલી નીકળ્યા અને તે વૃક્ષોના નવ પલ્લવોના ચમકારથી, ખીલેલા વિવિધ પુષ્પોની બહારથી, અને બારે પાકા લચી રહેલા ફળોના ભારથી, તે જંગલ દેવતાઓના નંદનવન સરખુ શોભી રહ્યુ હતું વૃક્ષપર વસનારા ગગનચર પક્ષીઓ વિદ્યાધર અને ગંધર્વના સ્વરૂપને પામી, માની જુદે જુદે પ્રકારે સ્તુતિ ગાવા લાગ્યાં હવે પાંચમી નજર પેલાં વિકાળ પશુઓ ઉપર પડી, એટલે

વાઘ, ચિત્રા, વગેરે જે મ્હોટાં પ્રાણીઓ હતા તે મનુષ્ય રૂપે મહા સુંદર દેહ ધારી સુંદર ઘરેણા લુગડાથી શણગારેલા ભભકા ભર્યા મ્હોટા રાજા જેવા દેખાવા લાગ્યા અને ત્હેમની ઇચ્છા મત દેહનો ભાગ લેવાની હતી, તેથા તેમના વંશજો આજે પણ એ બહુચરમાની આસપાસના પ્રદેશના માલિક થઇ, માતાની ખરચાળ ને કિંમતી ભેંટોનો ભાગ લે છે બીજા જે શિયાળ અને ન્હાના પ્રાણીઓ હતા તે પણ મનુષ્યરૂપે બન્યાં તેઓ પણ ખાવાનો ભાગ ચ્હાતા હતા તેથી તેમના વંશજો કુમાળીયા અને પૂજારીથી ઓળખાયા કે જેઓ આજ દીવસ લગી માજીને પાયે ધરાતી ન્હાની ન્હાની ભેટો પોતાના ઉપયોગ માટે વાપરી, માતાના ગુણો ગાઇ રહ્યા છે

બરાબર અરધી રાતને વખતે અરણ્ય વચ્ચે વડના ઝાડ નીચે આ જળહળતું તેજ ઘણે દૂરથી દેખાતું હતુ શાનુ અજવાળુ પડે છે તે સ્હમજાતું નહોતું પણ હજારો સૂર્યના પ્રકાશ સરખો પ્રકાશ દૂરથી જોનારને પણ આશ્ચર્યમા ડુબાવી દેતો હતો સુદર કાન્તિ અને ચકચકિત પોશાકથી ઝગઝગિત થઇ રહેલા, દેવ, ગંધર્વો અને વિ-દ્યાધરો, કલગીવાળા મુકુટો અને જળહળિત થતા જામાઓથી શો-ભતા નરવર રાજાઓ અને પૂજાપાત્રા કરમા પકડેલા રંગબેરંગી લહલહતા ઘરેણાઓથી શોભિત પૂજારીઓ વગેરેથી આ સ્થાન ઇંદ્ર ભુવનને પણ અળખામણું કરે, તેવુ શોભતું હતું મધ્યમા બિરાજેલા મા, બન્ને બ્હેનો સાથે દીવ્ય દેહી, અને દીવ્ય આભૂષણે વર્ણવી ન શકાય તેવી શોભામા બિરાજમાન હતા તેમના ઉપર ઝઝુમતું અને શોભતુ એ વડનું ઝાડ મ્હોટા મેઘાડબર છત્ર જેવું દીપી નીકળ્યું હતું. તેના પાદડે પાંદડાંમા જાણે દીવા મૂકયા હોય તેમ વખતો

વખત ચમકારા થતા હતા ન્હાના ન્હાનાં તે ઝાડનાં ફૂળો હીરા, અને રત્નના ટુકડાઓ જુદા જુદા ગોઠવ્યા હોય તેમ ચળક ચળક ચળકતા હતા ન્હાની ન્હાની ડાળીઓ અને કુપળો ટીશીઓ સાચાં મોતીથી ભરેલા ઉત્તમ નગ જડેલા અદ્‌ભૂત તેજે ઝળકી ઉઠતી હતી, વચમાં મ્હોટા રત્ન જડિત સુંદર સિંહાસનમા બહુચરમા બી રાજ્યા હતા માએ મસ્તકે જળહળતો મુગટ ધારણ કર્યો હતો મુગટમાના નગો રાત્રિએ આકાશમા ચમકતા નક્ષત્રોની પેઠે ચળકતા હતા વચમા સોનેરી તુરરાનો ગુચ્છો મુગટની ચારે મેર ઝૂલતો હતો તે જાણે સોનાના પાણીનો ફુવારો ઉડી ચારે મેર છવાતો હોય તેવો દીપતો હતો મુગટની વચમાં શોભતા સૂર્ય ચદ્ર આકાશના સૂર્ય ચદ્રનુ તેજ હરી લેતા હતા મુગટને ફરતાં, શોભતા, લટકતા મોતીઓ, અન્ય તેજમા પ્રતિબિંબીત કરતા કરાવતા પચાસ પચાસ સૂર્યના તેજે તેજીત થયા દેખાતા હતા મુગટની નીચે માના સુંદર, કાળા, સુવાળા કેશ બન્ને ખભાઓ ઉપર પીઠ ઉપર, ને કાંઇક કાનની પાસે બોચી તરફ લટકતા અસાડ મહિનાના કાળા વાદળાં જેવા કળાતાં હતા, કાનમા પહેરેલા કર્ણ ફુલ અને ઝબુકતી ઝાલથી વીજળીના જેવા ઝબકારા થતા હતા ધોળુ વિશાળ પુખરાજના કકડા જેવુ ત્હેમનુ સર્વોત્તમ કપાળ સુશોભીત દેખાતું હતું કાળા પણ ઇંદ્ર ધનુષ્યના જેવી શોભતી ભમરો નીચે લાબા અને કાળાં નયનોમાથી અમૃત ભરી દ્રષ્ટીની વૃષ્ટિ ચારે તરફ વરસી રહી હતી અતિશય ઓપતું આગળ આગળ ઝીણું ઝીણુ થતું જતું અણીદાર નમણું નાક દીવાની શિખા જેવુ ને તિલ પુષ્પની અણી જેવુ અનુપમ ઓળખ વામા આવતું હતું તે નાસિકામા પહેરેલી સુંદર વાળી, પાણીદાર મોતીઓથી ગુથેલી અને એક સુચનીશુ મોતી લટકતું હતું તેથી,

જાણે બ્રહ્માંડ નિકાયા વાળીમા, આપણુ આ બ્રહ્માડ સર્વ મુક્તિ પામતા પોતાના કર્મમા સહજ અટકી રહ્યુ હોય, તેવુ લાગતુ હતુ બન્ને ઉજ્વળ કપોળ દેશની નીચે બધા ફુલોની બધી શોભાને શરમાવતા ગાલ માજી મુખશોભામા અગણિત વધારો કરી રહ્યા હતા ઉજ્વળ કૈલાસ પર્વત ઉપર બીરાજતા ગોર શકરની સહજ કાળી જટા જેવુ તે ગોર ગાલ ઉપર છુદણુ શોભતું હતુ સ્હવારમા ઊગતા સૂર્યની પ્રગટતી લાલાશ જેવા મુખ-પુટને બાધી દીધેલા હોઠ દીપતા હતા સહજ હાસ્ય કરતા દેખાતી દશન પકિત માનસ સરપર બેઠેલા હસોના હાર જેવી હેત ઉત્પન્ન કરનાર થતી હતી સકળ જગતનુ હીત કરનારી સ્પર્શ મણીના ટકડા જેવી એ હેત ળીની હડપચી, હૈયાને હિલોળે ચડાવતી હતી સુદર શખના જેવુ શ્વેત લીસુ ગળુ અને વક્ષ સ્થળે ધારણ કરેલી લીલી કાંચળી, દર્શન કરનારને આનદના અર્ણવમા ઉતારી દેતી હતી લાબા સીધા અને ભરેલા બન્ને હાથો બાજુબંધ અને બેરખાથી અલકૃત થઇ કાડાપર કિમતી પોચીયો, ચારૂ ચુડીયો ને મૂલ્યવાન ટકણો ચમકાર માથે ખણખણાટ કરી રહ્યા હતા દશે અગુલીમા વેઢ અને વીંટીઓ અધારામા અજવાળુ કરતા મહાદીપક જેવા નગો જડેલી પહેરી હતી હીરાની કણીઓ જેવા તેમના દશે નખ પણ સાથે લાગા પૂર્ણ પ્રકાશે પ્રકાશી રહ્યા હતા લાલ ચણીયો ને ઓઢેલી કેશરી ઓઢણીથી માતા સર્વ શ્રેષ્ટ શોભાને ધારણ કરતાં હતા પગમા નાજુક નુપુર અને ઝાઝરીના ઝણકાર અણુવટ વીંછીયા સાથે થઇ રહ્યો હતો વગર ખીલેલી ફુલની કળી જેવી પગની આગળીઓ ભક્ત ભ્રમરોને સફળતા રહિત કરતી, પણ ખીલેલા કમળ જેવા ચરણદ્વય ભાવયુક્ત ભક્ત ભૃગોનુ નિરતર નિવાસ સ્થાન બનતો હતો. પદનખજ્યોતિ સેવક હૃદયાન્ધકારને સ-

મૂળો ટાળી દેતી હતી સર્વ દેવો અને દેવાધિ દેવોથી એ માજીના ચરણ પૂજાતા અને હજીએ પૂજાતા રહ્યા છે આવા ઉત્તમોત્તમ સ્વ રૂપ વાળા કે જેના તેજના કરોડમા ભાગથી આ આખુ જગત તેજીત દેખાય છે એવા માજીના સ્વરૂપનુ આબેહુબ વર્ણન કરવુ એ મનુષ્ય મતિથી વગળ છે તોપણ હૃદયમા ઉભરતો પ્રેમ તેમ કર્યા વગર અટકતો નથી એ બીરાજેલા માજીના મ્હોટા સિહાસનની બાજુએ બાજ બે સિહાસનો તેમનાથી કાઇક ન્હાના પણ તેવાજ દેખાવવામા ગોઠવાયાં હતા તેમના ઉપર તેમની બે ન્હાની બ્હેનો બન્ને બાજુએ બારાજેલી હતી દેવગણો હાથમાં સોનાના ચમ્મરો લઇ, ત્રણે દેવીઓના ઉપર ઉરાસ્તા હતા પાછળ પ્રચડ તેજ ધારી વસ્ત્રો પરિધાન કરી, અત્યુત્તમ અમરગણો માનભર્યા મુર્છલ લઇ ઉભેલા હતા ગધવાના ગાન અને તાનથી તે જગ્યા ગર્જતી દેખાતી હતા જુદા જુદા પોશાકમા સજ થઇને આવેલી અનેક અપ્સરાઓ પોતાનો હુન્નર અલગ અલગ દર્શાવતી નેહ ભરી નાચી રહી હતો. સક્ષેપમાં સકળ બ્રહ્માડનો સાર આ ન્હાના અરણ્યમાં બીરાજતા માજીની સભામા સપૂર્ણ ભરાઇ રહ્યો હતો

એક પહોર સુધી આ જગલમા આનદ મગન થઇ રહ્યુ હવે બાકી રાત એક પહોર રહી હતી એમ જાણી, બીજા દેશને પવિત્ર કરવા અન્ય જગ્યાએ જવા બન્ને બ્હેનો ઘુત અને બલાલ સિહાસન ખરેવા ઉઠયા અને તે બ્હેનો ઉઠતાજ ચારે બાજુથી બધાએ "જય જય" શબ્દથી વધાવી લીધાં ન્હાની બ્હેનોએ મ્હોટી બ્હેનની રજા લીધી અનુચરબાએ પોતાનો હાથ લબો કરી, આગળી લબાવી, તેમને જવાની દિશા બતાવી એટલે કેટલાક કમાળીયા અને પૂજારીયોને સાથમા લેઇ બન્ને બ્હેનોએ શીઘ્ર ગતિથી પ્રયાણ

કર્યું પછી ધીમે ધીમે મહામાયાએ આ બધી પોતાની માયા અદશ્ય કરવા માડી છેલ્લે બહુચરબાનુ મૃત શરીર અને કુકડા શીવાય બીજુ કાઇ રહ્યુ નહિ ફરી એનું એ અધારૂ, એનુ એ જગલ, એજ બ્હારવટીઆ એજ ઝાડ એજ તળાવ એજ સ્થળ બની રહ્યું બ્હારવટીયાના ટોળામાં જેઓ બહુચરબાનું આવુ અદ્ભુત સાહસિક કર્મ જોઇને દિંગ થઇ ગયા હતા તેમ ત્હેમના હૃદયમા જગત જ્યેષ્ટા ચારણ પુત્રિની આબેહુબ છાપ છપાઈ રહી હતી તેથી ત્હેના મૃત શરીરના બીજીવાર દર્શન કરવાની ઇચ્છાથી આ બાજુ આવતા ઉપર પ્રમાણેની દીવ્ય સભા જોઇ અટકયા હતા તે હવે અધારૂ થવાથી ધીમે ધીમે પાસ આવવા માડયા શલખનપુર અને આજુબાજુના ગામડામા વસતા લોકો બહારવટીઆની બીકથી વ્હેલા વ્હેલા એક ગામથી બીજે ગામ જવા નાસતા ત્રાસતા જતા હતા તેઓ પણ આ દીવ્ય સભાનો છેલ્લો પ્રકાશ જોઇને અજાયબ થયા હતા ત્હેમને પણ મળસ્કાનું સહજ અજવાળું થવાથી તે વડ તરફ ચાલવાની હિમ્મત આવી એટલે બ્હીતા બ્હીતા પણ ત્યાં આગળ આવ્યા એક તરફથી ભાવિક બહારવટીઆ, અને બીજી તરફથી આ ગ્રામજનો વડ પાસે આવે છે જાણી ચેતવવા માટે કુકડાએ " કુકરે કુક " કરીને બાગ પોકારી માતાએ તેને કુકડો બનાવવાનુ કારણ પણ એજ હતુ કે નિદ્રામા સુતેલા માણસોને સ્હવાર થતા ઉઠવાની ખબર કુકડો આપે છે તેમ જગતના જીવો વિષય વ્યાપારમા વલખાં વીણી, થાકી પાકી, લોથ થઈ, અજ્ઞાનરૂપ રાત્રિમા મોહ નિદ્રાને આધિન થઇ ઘોરે છે તેને આ માજીનો કુકડો હુ કડો જઇ, પોતાના સુદર અવાજે પરલોક પહોચવાની તૈયારી કરવા માટે સ્હવાર થઇ ગયાની સુચના કરે છે. બન્ને તરફના માણસો કુકડાનો અવાજ સાભળી, વડ નીચે એકઠા થયા

તુરતજ આ ત્રાસ દાયક સમાચાર ગામમા આપવામા આવ્યા અને તે સાથે હરેકે જોએલો રાત્રનો દિવ્ય દેખાવ કે જેનુ પૂરેપૂરૂ વર્ણન તો થઇ શકતુ નહોતુ પણ જેને જેટલુ યાદ હતુ અને જેની મતિ જેટલી ગતિ કરી શકી, કે જેના ઉપર માજીએ જેટલી દયા કરી તેટલી હકીકત વિવેકભરી વાણી, અને પ્યારભરી લાગણીથી માણસો માણસોને કહી રહ્યા સ્હવારે ચડતા પહોરે સ્ત્રી પુરૂષોના ટોળે ટોળા ન્હાના બાળકો સમેત આ દિવ્ય લોક વાસિની દેવીના દર્શન કરવા જગલ તરફ આવવા લાગ્યા સૌએ પવિત્ર જાતિમાં ઉત્પન્ન થએલી, પવિત્ર માતા પિતાની પવિત્ર પુત્રિ કે જે આ અમાનુષિક કૃત્ય કરી અત્યત પવિત્ર બનેલી હતી ત્હેના દર્શન કરી કૃતાર્થ થતા હતા તે કન્યાના માતાપિતા ને જાણુના ઓાળખીતાઓ શોકને સમુળો તજી દઇ હર્ષના આવેગમા ઉછળી ઉઠયા હતા "જય જય" અને "ધન્ય ધન્ય" વાણી બોલતા ત્હેમની આખો હર્ષના આસુથી પુરાઇ જતી હતી શલખનપુરના તમામ જાતિના દરેક માણસોને આજનો દિવસ ઉત્તમ ગણુતરીનો અને જન્મની સફળતાનો હતો સારા સ્હમજુ અને ડાહ્યા માણસની સલાહથી તથા રાત્રિના અનુપમ દેખાવની સાક્ષીથી એ મૃત શરીર ભૂમિદાહ કરવામા આવ્યુ અને તેના ઉપર સુદર ખાભી (પવિત્ર કર્મચારીને દાટેલી જગ્યાને ઓાળખાવનાર નિશાની રૂપ પત્થર) મ્હોટા ખર્ચે બનાવવામા આવી શ્રદ્ધાળુજનોએ તે ખાભી પાસે શ્રીફળો વધેર્યા, ઘીના દીવા કર્યા નૈવેદ્ય ધર્યા, અને અગરબતી ગુગળના ધુપ કરી તે જગ્યા પરમ આનદમય બનાવી દીધી ત્યાર પછી તે ઠેકાણે એક ન્હાનું દેવળ બધાવ્યુ કે જે હજી લગણુ હયાતિમા છે, તેની પાસે એક બીજુ દેવળ તેનાથી મ્હોટુ બબાવેલુ છે તે છેક તેની પાસે છે તેથી પહેલા દેવળનુ બા-

રણુ ઘણુ ખરૂ ઢંકાઈ ગએલુ છે પહેલુ દેવળ ઘણુ કરીને શાલખ રાજાએ બંધાવેલુ છે કહેવાય છે અને બીજુ મરાઠા ‘નાના ફડનવીસે’ બંધાવેલુ કહેવાય છે ત્રીજું એક મ્હોટુ દેવળ કે જેને એક શિખર અને બે ઘુમટ છે તે મ્હોટા ‘દામાજી’ ગાયકવાડે સરકારના ન્હાના છોકરા ફતેસીહના ભાઇ માનાજીરાવે બંધાવ્યુ છે તેની સ્હામે એક અગ્નિકુંડ અને ચાચર છે તથા આજુ બાજુ જાત્રાળુ લોકોને ઉતરવાના મકાનો છે પૂજાપો અને પરચુરણ સામાન ગોઠવવાના ન્હાના ન્હાના સુશોભિત સ્થાનો કરાવેલા છે એક ખુણામા દીપમાળ છે કે જેને સારા તહેવારને દીવસે શણગાર વામા આવે છે શલખનપુરની નજીકમા એક નેસ છે તે માતાજીને નામે “બહુચર” નામથીજ ઓળખાય છે અહી માતા બીરાજ્યા પછી પેલા લુટારાનો સરદાર આજોઅને મેખો કમોતે મરી બીજી યોનિમા પશુઅવતાર પામ્યા તેમા આજો તે અજા (બકરો) થયો ને મેખો તે મહીષ (પાડો) થયો દેતરોજ નામના ગામમા ગોપી પટેલ કરીને એક પ્રખ્યાત પટેલ કરીને એક પ્રખ્યાત પટેલ હતો તેને ત્યા આ મેખો પાડા રૂપે પળાતો હતો દેતરોજના ચુવાળ રજપુત પ્રખ્યાત “ કાનજી રાત ” નામના હતા તેમણે મહામાયા બહુચર માના સ્વપ્ન સૂચનથી ગોપી પટેલના મસ્ત પાડાનો ગામના દરવાજામા નાશ કરી બહુચર માને ત્હેના રૂધિરથી ચા’લો કર્યો તે વાત અમે **“બહુચર માતાની બીજી પ્રસાદીમાં”** વિસ્તારથી કહીશુ આજા મેખાના વંશજો ઘણાખરા પાવૈયા થયા કારણ કે તે બન્ને દુષ્ટોએ માજીની ઉપર કુદ્રષ્ટી કરી હતી પણ તેમનો લુટારૂ સ્વભાવ પાવૈયા થવા છતાંય બદલાયો નહિ પંણ જેવો ને તેવો કાયમ રહ્યો. એટલે આજે પણ તે પાવૈયાઓ ભીખ લેતી વખતે આશ્રિતોને પજવવામા અને કનડવામા બાકી રાખતા નથી.

આંધળા લુલા અને બીજા ખોડીલા લોકો બહુચરાજીની બાધા રાખે છે જેઓનો છોકરો કે બીજા કશાની આશા હોય તેઓ લાંધવા બેસે છે જ્યારે તેમની ઇચ્છા પૂર્ણ થવાનુ માતાએ વરદાન આપ્યુ એવુ સ્વપ્નું આવે ત્યારે ઉઠીને ઘેર જાય છે બહુચરાજીએ જેને છોકરો આપ્યો હોય તેનુ નામ ઘણું કરીને બેહુચર પાડવામા આવે છે જૈન ધર્મ માનનારા માણસો પણ બહુચરમાતાને સપૂર્ણ પ્રેમ ભાવથી માને છે માતાના પૂજારી બ્રાહ્મણો છે પણ વગાડનારા અને બીજુ કામ કરનારા મુસલમાન છે દેવળમા જે ઉપજ આવે તેની માલિકી કમાળિયાની છે જેની ઉત્પત્તિ અમે ઉપર વર્ણવી ગયા છીએ તેઓ બહુચરાજીની પૂજા કરે છે હાથમા ત્રિશુળ લઇને કરે છે પણ ધર્મ મુસલમાનનો પાળે છે અને તેઓને "અલાઉદીન બાદશાહે બળાત્કારે વટલાવી મુસલમાન કર્યા છે" એમ કહે છે જુજ કિમતની ભેટ હોય છે તે કમાળિયાને મળે છે પણ વધારે મૂલ્યવાન ભેટતો દેવળ વગેરેના ખર્ચ નિમિતે ગાયકવાડ સરકારની દેખરેખ નીચે રાખવામા આવે છે માતાના સ્થાનની પાસે એક "કાલડી" (રી) કરીને ગામ છે ત્યાની રાજકુમારીને માએ પરચો પૂરી રાજકુમાર બનાવ્યો હતો તે હકીકત પણ "**બહુચરામાતાની પ્રસાદી** ત્રીજીમા લખીશુ વિશેષ કરીને તે વાત સોલકીના ગરબાથી પ્રચલિત છે હવે આ '**બહુચરમાતાની પહેલી પ્રસાદી**' અહીં સપુર્ણ કરી માગીએ છીએ કે—"**મા બહુચરબાળી સર્વનું કલ્યાણ કરો.**"

ગરબી

(રઘુપતી રામ હ્રદયમા રહેજોરે)

મ્હારી વ્હાલી માત, બહુચરા બાઇરે,
સદા સેવકને સુખ દાઇરે
રાચી રહીશે, તારા ગુણ ગાઇરે—એ—મ્હારી૦

ચારણ જાત ત્હે જગે ઓળખાવીરે,
અમને ઉદ્ધારવા અવનીએ આવીરે—
માત તાતને દીપ શોભાવી   મ્હારી૦ ૧

લુટારાના જુલમ અને ત્રાસેરે,
ગામે ગામના માણુસો નાસરે
ચાલી બન્ને બહેનો લઇ ઉલ્લાસે—   મ્હારી૦ ૨

લુટારાઓ એ લુટવા આવ્યારે
જોઇ અદ્‌ભુત શક્તિ ન ફાવ્યારે
સમજાવ્યા, ડરાવ્યા, નમાવ્યા,—   મ્હારી૦ ૩

કીધુ અદ્‌ભુત કર્મ ત્હે કેવુરે,
ના બોલાય, કરાયતો કેવુરે
નારી જાતિને આદર્શ જેવુ—   મ્હારી૦ ૪

સુદર શલખન પુરની પાસે રે,
નાની વરખડી નીચે નિવાસેરે
આવે પારે સફળ કરે આશે—   મ્હારી૦ ૫

કઇક દુખીના દુખ નિવાર્યારે,
વાઝીયા મેણાથી ત્હે ઉગાર્યારે'
ભૂવે ભટકતા કસ્સાઇ તાર્યા—   મ્હારી૦ ૬

તારી પાસે મકુ ।
મ્હેલા પુર્યા છે મ્હોટા ચ્યારે
ચારે દિશામા ચાલે છે ચરચા— મ્હારી૦ ૭

માતા ભક્ત તણા દુખ હરતીરે,
નહે નમતા ન્હાના મ્હેટા કરતીરે,
દીન દરિદ્રી ભૂવન દ્ર૦ા ભરતી— મ્હારી૦ ૮

માનો ગરમો ભાવ ધગ ગાશેરે
તેના દુખ દળદર દુર જાશેરે
અને મત પદે સ્થિર થાશે— મ્હારી૦ ૯

માના ગુણ મ્હોટા મતિ થોડીરે,
રહાવુ ચરણ કમળે ચિત્ત રહોડીરે—
વંદે 'અમૃત' બેઊ કરજોડી— મ્હારી૦ ૧૦

ૐ શાન્તિ ! શાન્તિ !! શાન્તિ !!!

આગ્ના.

મહામાયા શક્તિ વલ્લભ ભક્તે કહ્યુ છે કે—

"બહુચરામાની પ્રસાદી ચુકે જાણુ ચોર દેવીનો,
શક્તિ ભુલી અન્ય સેવના ઢુકે જાણુ ચોર દેવીનો.

પ્રસાદી મળવાનું ઠેકાણુ

કવી. ગૌરીશકર આશારામ. ધોળકાવાળા

કાળુપુર રોડ મ મુનાયકની પોળ સામે

ઘર ન ૧૭૦૮ અમદાવાદ